Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૫ મો. તા. ૧૪-૧૨-૫૦ માર્ગશિર્ષ.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ સામાન્ય જિનસ્તવન ... ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૮૧
૨ શ્રી અંતરિક્ષા પાર્શ્વનાથજી તીર્થ ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૮૨
૩ તત્ત્વાવબોધ... ... ... ...( લે. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૮૬
૪ દ્વિતિય શ્રી યુગમંધર જિન સ્તવન. ... ...( સં. ડોકટર વલ્લભદાસ નેણશીભાઇ ) ૮૮
૫ સંગરણી ( સંગ્રહણી ) ... ... ( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) ૯૨
૬ માનવતાની ભવાઇ ... ... ... ( લે. ચન્દ્રપ્રભસાગર મહારાજ—ચિત્રભાનુ ) ૯૬
૭ શંકા–સમાધાન ... ... ... ( લે. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ ) ૯૭
૮ મહાન વિભૂતિની પ્રતિતી અને મહુવા સુરેન્દ્રનગરના ચમત્કારો ... ...( મળેલું ) ૯૯
૯ સ્વીકાર–સમાલોચના... ... ... ... ... ... ... ( સભા ) ૧૦૦
૧૦ મલ્લિનાથ સ્તવન ... ... ... ... ... ... ( લે. કાન્તિ શાહ ) ૧૦૩
૧૦ સંપૂર્ણ બ્રહ્મચર્યવિના પ્રભુ પ્રાપ્તિ અશકય છે. ... ... ( લે. કમળાબ્હેન સુતરીયા ) ૧૦૪


## આ માસમાં થયેલ માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરો.

૧ શેઠ સાહેબ, ભગુભાઇ ચુનીલાલ સુતરીયા પેટ્રન સાહેબ ( જીવન પરિચય હવે પછી )
૨ શેઠ સાહેબ કેશવજીભાઈ નેમચંદ ,,
૩ શ્રી વાસુપૂજ્યસ્વામિ ટેમ્પલ ટ્રસ્ટ લાઈફ મેમ્બર
૪ શ્રી શાંતિલાલ મણીલાલ શ્રોફ લાઇફ મેમ્બર
૫ શેઠ તારાચંદ ગાંડાલાલ શ્રી જૈન શ્વે. પાઠશાળા ,,
૬ શાહ ચત્રભુજ બહેચરદાસ ,,
૭ શા. દુર્લભદાસ નાનચંદ મોતીવાલા બીજા વર્ગમાંથી

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.


પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાઇ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, શ્રી સમેત્તશિખર તીર્થના જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો સર્વ ત્રણ કલર, બે કલર વગેરેના આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સુંદર અલંકૃત બાઇડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવન ચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. વધતી જતી સખ્ત મોંઘવારી છતાં મ્હોટો ખર્ચ કરી અનુપમ ગ્રંથ પ્રગટ થશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

175

નવા માનવંતા પેટ્રનસાહેબ



શ્રીમાન શેઠસાહેબ કેશવજીભાઇ નેમચંદ

માંગરોળવાળા—હાલ કલકત્તા.

GUJRAT PRESS, CAL.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠશ્રી કેશવજીભાઇ નેમચંદ માંગરોળનિવાસી( હાલ કલકત્તા )નું

# જીવનવૃત્તાંત.

સૌરાષ્ટ્રની આર્યભૂમિમાં પ્રાચીન માંગરોળ શહેર કે જ્યાં અનેક ધનાઢ્ય, વ્યાપારવાણિજ્યનિષ્ણાત, જૈન વ્યાપારીઓ, સંસ્કારી કુટુંબો વસે છે, તેવા એક સંસ્કારી અને પરમ શ્રદ્ધાળુ શેઠશ્રી નેમચંદભાઈ દેવશી દોશી અને તેઓશ્રીના ધર્મપરાયણ ધર્મપત્ની ભાલુબ્હેનને ત્યાં સંવત ૧૯૩૫ના ભાદરવા વદી ૩૦ ના રોજ શેઠશ્રી કેશવલાલભાઇનો જન્મ થયો હતો.

પંદરમે વર્ષે સંવત ૧૯૫૦ ની સાલમાં એ પુણ્યપ્રભાવક પુરુષ શેઠશ્રી કેશવજીભાઇને ભારતદેશના પાટનગર શહેર કલકત્તામાં સદ્ભાગ્ય લઇ ગયું. પ્રથમ વ્યાપારી લાઇનનો અનુભવ મેળવવા નોકરી સ્વીકારી, તેમાં કુશળતા પ્રાપ્ત થતાં ઉચ્ચ રહેણીકરણીને લીધે શેઠશ્રી જેઠા કરમચંદની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા, અને સંવત ૧૯૬૪ ની સાલમાં કેશવજી કું. ના નામથી શેઠશ્રીએ સ્વતંત્ર વહીવટ શરુ કર્યો જે આજ સુધી અબાધિત સુવ્યવસ્થિત હોવા સાથે કલકત્તા જેવા પાટનગરમાં મજકુર પેઢીએ અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું.

પૂર્વપૂણ્ય અને બુદ્ધિ-ચાતુર્યવડે લક્ષ્મીદેવી પ્રસન્ન થતાં સાથે ધર્મસેવા અને આત્મકલ્યાણ માટે સુકૃતની લક્ષ્મીવડે દાનપ્રવાહ પણ શરૂ કર્યો.

શેઠશ્રી કેશવજીભાઇને બે પુત્રો હૈયાત છે, અને ભાવિભાવ બળવાન હોવાથી મ્હોટા પુત્ર ભાઇ નરોત્તમદાસનો સ્વર્ગવાસ થયો. તે પુત્રરત્ન સંગીતના પૂરા નિષ્ણાત હોવાથી ઘણા મેડલો ( ચાંદો ) પણ મેળવ્યા હતા.

શેઠશ્રી કેશવજીભાઇ ધર્મસેવા સાથે ઘણા વર્ષથી સંઘમાં તનમનધનનો નિરંતર સદુપયોગ કરી રહેલ છે અને હાલમાં તો જૈન સંઘના પ્રમુખ તરીકે વીશ વર્ષથી બિરાજે છે. કલકત્તા કેનીંગ સ્ટ્રીટ નં. ૯૬ જ્યાં શિખરબંધ જૈન દેરાસર બંધાય છે, તેના ખાતમુહૂર્તની ક્રિયા શેઠ સાહેબના હસ્તે હમણાં જ થયેલ છે અને જિનમંદિરને દેવવિમાન સરખું બનાવવા શેઠશ્રી કાળજીપૂર્વક ધ્યાન આપે છે અને તૈયાર થતાં તે માટે પોતાની સંપત્તિનો સદ્વ્યય કરવાની શુભ ભાવના સેવે છે.

૭૧ વર્ષની ઉમર હોવા છતાં વ્યવહાર, વ્યાપાર અને ધાર્મિક સેવામાં યુવાનને હંફાવે એવી કાર્યવાહી કરી શકે છે.

આવા પ્રભાવશાળી જૈનબંધુ આ સભાની કાયવાહી જાણી પેટ્રન ( સુરબ્બીપદ ) સ્વીકારવાથી આ સભા ગૌરવ લે છે અને પરમાત્માની પ્રાર્થના કરે છે કે શેઠશ્રી દીર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ મેળવી આત્મકલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૭. **માગશિર્ષ** પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૪મી ડીસેમ્બર ૧૯૫૦ :: અંક ૫ મો.


## સામાન્ય જિન સ્તવન

( ચાલ–ઇતને દૂર હો હુજૂર, કૈસે મુલાકાત હો. )

મુક્તિ માગું મૈં પ્રભુજી વિનતિ મેરી માન લો,
કુછ મ્હેર કરો મુજ દુઃખ હરો પ્રભુ અર્જ મેરી ધ્યાન લો.
મુક્તિ માગું૦

દેવાધિદેવ સેવના ચાહું પ્રભુજી દીજીએ,
ભવભવમેં માગું ભક્તિ તેરી પ્રભુજી મ્હેર કીજીએ;
દિલમેં ધરું મૈં ધ્યાન તેરા પ્રભુ નિત્ય દિન ઔર રાત હો.
મુક્તિ માગું૦

કહુ મૈં અજ્ઞાત ક્યા હો સ્વામી જ્ઞાની તુમ હો જાન લો,
જીગરકી મેરી ભક્તિકો પ્રભુજી નિત્ય માન લો;
દિલમેં જંબૂ નામ જપે પ્રભુ નિત્ય દિન ઔર રાત હો.
મુક્તિ માગું૦

મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्रीअन्तरिक्षपार्श्वनाथजी तीर्थ.

( અંક ૩ જો, પૃષ્ઠ ૫૦ થી ચાલુ. )

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથભગવાન**ના તીર્થનો વહીવટ કરવાનો શ્વેતાંબરોને સંપૂર્ણ અધિકાર આપતા, અંતરિક્ષપાર્શ્વનાથભગવાનની મૂર્તિની પોતપોતાની વિધિપ્રમાણે વારાફરતી સૌના ટાઈમ દરમિયાન પૂજા કરવાનો શ્વેતાંબર દિગંબર બંનેને અધિકાર આપતા, તથા મૂર્તિને લેપ કરવાનો શ્વેતાંબરોને અધિકાર આપતા પ્રિવીકાઉન્સીલના ચૂકાદા સુધીના ઇતિહાસને આપણે ગતાંકોમાં જોઇ ગયા છીએ. પોલકરોના હાથમાં તીર્થ હતું તે વખતે પણ મૂર્તિને લેપ કરવામાં આવતો હતો. પોલકરોના હાથમાંથી છોડાવ્યા પછી સને ૧૯૦૮ માં લેપ કરાવવામાં આવ્યો, પણ દિગંબરોએ લોઢાના ઓજારોથી કચ્છોટ તથા કંદોરાના ભાગને ખોદી નાખ્યા તેથી શ્વેતાંબરોએ કોર્ટમાં કેસ દાખલ કર્યો અને તેનો નાગપુરની કોર્ટથી સને ૧૯૨૩ માં ચૂકાદો આવ્યો તેમાં મંદિર અને મૂર્તિના વહીવટનો અને કટિસૂત્ર તથા કચ્છોટ સહિત લેપ કરવાનો શ્વેતાંબરોને અધિકાર મળ્યો. આથી શ્વેતાંબરોએ તરત જ સને ૧૯૨૪ માં લેપ કરાવ્યો. જો કે આ વખતે દિગંબરોએ કોર્ટમાં અટકાવવાની( Stayની ) માગણી કરી હતી, પણ તે મંજૂર થઈ નહોતી. આથી તેમણે તેમના પૂજાના ટાઇમ દરમ્યાન રોજ ગરમ ઉકળતા દૂધ અને પાણીના પ્રક્ષાલ કરીને લેપને ધોઇ નાંખવાનો પ્રયત્ન કર્યો અને લેપને ઘણું નુકસાન પહોંચાડયું. આ રીતે દિગંબરો તેમને મળેલા પૂજાના અધિકારનો સદુપયોગ (!) કરીને રાજી થયા. ત્યારબાદ તેમણે પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરી તેનો પણ ચૂકાદો નાગપુરના ચૂકાદાની જેમ શ્વેતાંબરોની તરફેણમાં જ આવ્યો. આથી **द्विर्बद्धं सुबद्धं भवति ।** એ ન્યાયથી શ્વેતાંબરોનો અધિકાર પાકેપાકો થઇ ગયો. એટલે શ્વેતાંબરોએ મંદિરમાં રીપેરીંગ કામની શરૂઆત કરી. એ પ્રમાણે શ્વેતાંબરોએ મૂર્તિને લેપ કરાવવાની પણ સને ૧૯૩૪ માં તૈયારી કરી; પરંતુ દિગંબરોએ તે સામે વાંધો ઉઠાવ્યો અને **સીવીલ પ્રોસીજર કોડ**ની ૪૭ મી [1]કલમને આધારે આકોલાની કોર્ટમાં તેમણે અરજી ( Application ) કરી કે—' શ્વેતાંબરોને પ્રીવી કાઉન્સીલના ચૂકાદાથી લેપ

---

૧ સીવીલપ્રોસીજર કોડની ૪૭ મી કલમ નીચે પ્રમાણે છેઃ—

47. ( 1 ) All questions arising between the parties to the suit in which the decree was passed, or their representatives, and relating to the execution, dicharge or satisfaction of the decree shall be determined by the court executing the decree and not by a separate suit.

( 2 ) The Court may, subject to any objection as to limitation or jurisdiction, treat a proceeding under this section as a suit or a suit as a proceeding.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો ભલે અધિકાર મળ્યો હોય, પણ તેમાં લેપ ક્યારે કરવો તેમજ લેપમાં કટિસૂત્ર અને કચ્છોટની પહોળાઇ તથા જાડાઇનું પ્રમાણ કેટલું રાખવું, એની કશી સૂચના ન હોવાથી જ્યાંસુધી કોટ તરફથી એ વિષે નિર્ણય કરવામાં ન આવે ત્યાંસુધી શ્વેતાંબરોને લેપ કરવાની રજા ન મળવી જોઇએ.' શ્વેતાંબરોએ આ સામે વાંધો ઉઠાવ્યો કે **સિવીલ પ્રોસીજર કોડ**ની ૪૭ મી કલમ નીચે આ અરજી થઇ શકતી નથી. આકોલાની કોર્ટના ન્યાયાધીશે શ્વેતાંબરોની આ દલીલને મંજૂર રાખી. અને ૧૧-૧-૧૯૩૭ ના ઓર્ડરથી દિગંબરોની અરજી કાઢી નાંખી.[1] એટલે દિગંબરોએ તરત નાગપુરની હાઇકોર્ટમાં અપીલ કરી. હાઇકોર્ટે દિગંબરોની અરજી મંજૂર રાખી અને લેપની રીત નક્કી કરવા માટે આ કેસને આકોલાની કોર્ટ ઉપર પાછો મોકલી આપ્યો. કેસ ચાલ્યો અને તેમાં દિગંબરોએ કટિસૂત્ર અને કચ્છોટના ચિહ્નને બહુ જ આછાપાતળા અને બારીક બનાવવાની માગણી કરી. શ્વેતાંબરોએ કહ્યું કે ભૂતકાળમાં અંતરિક્ષજીની મૂર્તિના લેપમાં જેવી કટિસૂત્ર અને કચ્છોટની આકૃતિ કાઢવામાં આવતી હતી તેવી કાઢવાનો અમને અધિકાર મળવો જોઇએ. કોર્ટે બંને પક્ષના અનેક સાક્ષીઓની જુબાની લીધી અને પુરાવાઓને આધારે ૧૩-૯-૧૯૪૪ તારીખે આવા આશયનો નિકાલ ( Order )[2] આપ્યો કે—

૧ મંદિરમાં સુધારા-વધારાનું કંઇ પણ કામ કાઢવામાં આવે તે સામે ગમે તેમ ખોટો વાંધો ઉઠાવવો એ દિગંબરોનો નિત્યનો કાર્યક્રમ થઇ પડ્યો છે. હમેશાં તેમના તરફથી કોઇ ને કોઇ કેસ કોર્ટમાં ચાલુ હોય જ છે. જો કે દરેક વખતે તેઓ કોર્ટમાં હાર્યા જ કરે છે, અને શ્વેતાંબરો જીત્યા જ કરે છે, તો પણ દિગંબરો નાહક કેસો લંબાવીને તેમ જ નવા નવા વાંધાઓ ઊભા કરીને સમાજના પૈસાનું પાણી કરે છે, અને વૈમનસ્ય ઊભું રાખે છે.

૨. 27. Issue No. VI.-I-therefore, order that the Shwetambaris are entitled to restore the image to its original form in the following manner.

( i ) The Katisutra and the Kachota will be depicted in plaster.

( ii ) In depicting the two appurtenance on the image, the Shwetambaris shall not exceed their dimensions or form given below.

( a ) Katisutra:-One inch in breadth ( vernical ) round the waist from one side to the other, so far as possible. One-third inch thick, semi-circular in form, i. e. protuberant.

( b ) Kachota:-One ant ( one eighth inch ) thick, breadth of the upper part, D. A. ( As per Ex. N. A. 3 ) two inches, breadth of the lower part G. B. ( As per sketch, Ex. N. A. 3 ) two and half inches.

It has already been conceded by the Digambaris before the High Court that they would have no objection to the usual restrictions on the Punjabeing placed during the time of the restoration of the image

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"શ્વેતાંબરોને કટિસૂત્ર તથા કચ્છોટની લેપમાં આકૃતિ કાઢવાનો અધિકાર છે. કટિસૂત્ર (કંદોરા)ની પહોળાઇ ૧ ઈંચ જેટલી રાખવી. અને કમરની એક બાજુથી બીજી બાજુ સુધી જ્યાંસુધી પહોંચે ત્યાંસુધી કમરને ફરતી કટિસૂત્રની આકૃતિ કાઢવી. કટિસૂત્રની જાડાઇ $\frac{1}{3}$ એકતૃતીયાંશ ઇંચ જેટલી અર્ધ ગોળ આકારે કાઢવી.

કચ્છોટની જાડાઇ $\frac{1}{8}$ એક અષ્ટમાંશ ઇંચ જેટલી રાખવી. અને પહોળાઇ ઉપરના (પ્રારંભના) ભાગે ૨, ઇંચ જેટલી અને નીચેના (છેડાના) ભાગ આગળ ૨॥, ઇંચ જેટલી રાખવી. મૂર્તિનો લેપ ચાલતો હોય ત્યારે અને સુકાઇ જાય ત્યાંસુધી પૂજા-પ્રક્ષાલ ઉપર શ્વેતાંબરો પ્રતિબંધ મૂકે તે સામે દિગંબરોએ વાંધો ઉઠાવવો નહીં. અને શ્વેતાંબરોને જ્યારે લેપ કરવો હોય ત્યારે લેપ કરી શકે છે, એ સામે દિગંબરોને વાંધો ઉઠાવવાનો અધિકાર નથી."

આ પ્રમાણે હુકમ (Order) મળવાથી શ્વેતાંબરોએ તરત જ લેપ કરવાની તૈયારી કરી દીધી અને જાહેર ખબર પણ આપી દીધી. તેટલામાં દિગંબરોએ આકોલાના ચૂકાદા સામે ફરી પાછી નાગપુર હાઇકોર્ટમાં સન ૧૯૪૪ માં અપીલ કરી. હાઇકોર્ટના યુરોપિયન જજ R. E **પોલોકે** ૮-૭-૧૯૪૭ ના રોજ નિકાલ (Order)[૬] આપ્યો અને તેમાં

---

to its original form. Similarly, the point raised by the Digambaris that the lape cannot be applied before expiry of 16 from the date of the previous lape has also been over-ruled by the High Court.

Dated 13-9-1944. Sd/-

**I st Additional District Judge,**
AKOLA.

1. 3. The learned Additional District Judge has held that the original dimensions for the **Katisutra** were 1 inch broad and 1/3 inch thick in a semicircular form and that those of the **kachota** were a breadth ranging from 2 inches at the top to $2\frac{1}{2}$ inches at the bottom and a thickness of $\frac{1}{8}$ inch. Counsel has taken me through the evidence which has been discussed at length by the learned Additional District Judge, and I see no reason to differ from the view that he has taken. There is ample evidence to support that view, and the evidence of the Swetambaris is corroborated by one of the Digambari witnesses, namely, Nemaji (A. W. 6) who says that the **kardora** was of the diameter of a pice coin. I agree with the learned Additional District Judge's conclusions, and there is nothing I can usefully add to what he has to say.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકોલા કોર્ટના ઓર્ડરને મંજૂર રાખીને દિગંબરોની અપીલ કાઢી નાંખી. અને ટીકા કરી કે દિગંબરો જાણી જોઈને કેસ લંબાવી રહ્યા છે માટે શ્વેતાંબરોને જે કંઈ કોર્ટનું ખર્ચ થયું છે તે ભરપાઇ કરી આપવા માટે દિગંબરોને હુકમ કર્યો.

આ હુકમ મળતાં જ શ્વેતાંબરોએ લેપની તૈયારી કરી દીધી તેટલામાં તો દિગંબરોએ નાગપુરની હાઇકોર્ટમાં **લેટર્સ પેટંટ અપીલ** ( Letters Patent Appeal ) કરી અને લેપની અટકાયત ચાલુ રાખવાની (Continuation of the stay) માગણી કરી. પણ ૧૭-૩-૧૯૪૮ ના હુકમથી કોર્ટે એ અપીલ પણ કાઢી નાંખી, અને લેપ કરવા બદલ કોઇ પણ પ્રકારનો મનાઇ હુકમ આપવાની ના પાડી. આથી કોઈપણ જાતની આડખીલી વચમાં ન રહેવાથી ૩-૧૦-૧૯૪૮ તારીખે શ્વેતાંબરોએ લેપ કરાવવાની શરૂઆત કરી, અને લેપ સુકાઇ જતાં ૧૩-૧૧-૧૯૪૮ થી પૂજા-પ્રક્ષાલની શરૂઆત પણ કરવામાં આવી. અત્યારે આ સુંદર અને તેજસ્વી લેપથી મૂર્તિ ઝગમગ ઝળકી રહી છે. ( ચાલુ )

---

9. The appeals therefore fail and will be dismissed with costs. In the lower Court the learned Additional District Judge directed that the non-applicants should pay their own costs. He gave no reason for departing from the ordinary rule that costs should follow the even, and there is, in my opinion, no justification whatever for departing from the rule in this case. The Digambaris appear to me to have been generally litigating for the sake of litigation, and there is no reason why they should not pay the costs of the other side if the decision goes against them.

The cross-objection is therefore allowed, and I direct that the Digambaris, who were the applicants, should pay the costs of the non-applicants' in that Court. Counsel's fee in this Court Rs. 200/-, one set.

Sd/-R. E. Pollock,
Ag. Chief Justice.
8-7-1947.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

લેખકઃ—આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૬૯ થી ચાલુ )

૫૩

સંસારમાં દેહાભ્યાસની ઉન્નતિ થઇ રહી છે. એટલા માટે રાગદ્વેષ બહુ જ બળવાન બનીને સંસારી જીવોને હેરાન કરી રહ્યા છે. વૈર-વિરોધની વૃદ્ધિને લઇને આત્મિક ગુણોની હાનિ થઇ રહી છે, છતાં તે તરફ જરાય લક્ષ અપાતું નથી. પોતાનું બોલેલું અને માનેલું જનતાને સાચું મનાવીને જનતાથી ખાનપાન અને આદર-સત્કાર મેળવવાને માટે માયા-પ્રપંચ અને અસત્યનો છૂટથી ઉપયોગ થઇ રહ્યો છે. ધર્મના નામે ઋદ્ધિગૌરવતા, શાતાગૌરવતાની તૃષ્ણાઓ શાંત કરવા સતત પ્રયાસ કરવામાં આવે છે, છતાં સુખશાંતિ મેળવી શકાતી નથી. પણ તેથી ઉલટા કલેશિત થઇને દુઃખી જીવન ગાળી રહ્યા છે; કારણ કે સહુને પોતાના જ માન-સત્કાર અને પૂજા ગમે છે, પણ બીજાની પૂજા-સત્કાર ગમતા નથી, એટલે ઇર્ષા અને દ્વેષથી અત્યંત દુઃખ ભોગવાય છે.

૫૪

વેદનીય કર્મથી આત્માનું અહિત કે અશ્રેય થતું નથી; કારણ કે વેદનીય કર્મ તો કેવળીને પણ ભોગવવું પડે છે, પરંતુ માનસિક અશાંતિ, સંકલ્પવિકલ્પ અને અજ્ઞાનતાના કારણભૂત મોહનીયના ઉદયની ચિંતા કરવી અને મોહ-નીયને નિર્બળ બનાવવા આપણાથી બનતું બધુંયે કરવું. કષાય અને વિષયને નિર્બળ બનાવવા વસ્તુ-તત્ત્વનું નિરંતર ચિંતવન કરવું. કષાય અને વિષયો ઉપર વિજય મેળવવો ઘણું જ કઠણ કામ છે. અત્યારે તો કષાય અને વિષયથી આખુંયે જગત પરાભવ પામી રહ્યું છે. ભાષાઓ શીખવાથી કે સિદ્ધાંતો વાંચી જવા માત્રથી અથવા તો વિનયપૂર્વક-અભિનયપૂર્વક સારાં ભાષણો કરવાથી કાંઇ કષાય-વિષય પરા-ભવ પામતા નથી, પણ વધારે બળવાન બનીને વધારે આત્માનું અહિતકર્તા થઇ પડે છે. જનતાની પાસેથી સારાં સારાં ખાનપાન અને આદરસત્કાર મેળવવાના આશયથી જગત્ સમક્ષ વિદ્વાન વક્તા કે પ્રસિદ્ધ વક્તા કહેવરા-વવા જેટલો પ્રયાસ કરવામાં આવે છે તે પ્રબળ મોહનીયના ઉદયને લઇને થાય છે. અને તે કષાય તથા વિષયોને બળવાન બનાવવાનો પ્રયાસ છે કે જે એકાંતે આત્માનું અનીષ્ટ કરનાર છે. અને તે જ્ઞાન નથી પણ એક પ્રકારનું અજ્ઞાન છે.

૫૫

વીતરાગના સિદ્ધાંતો અને શાસ્ત્રો ભાવરોગ-ના સ્વરૂપને ઓળખાવી તેને મટાડવાના ઉપાયો જણાવનારા છે. તેનો ભાવરોગથી પીડા પામતા આત્માઓ અભ્યાસ કરીને તેમાં બતાવ્યા પ્રમાણે ઉપચાર કરીને પોતાનો ભાવરોગ મટા-ડીને ભાવઆરોગ્યતા મેળવી શકે છે, પણ વીતરાગના સિદ્ધાંતોનો સ્પર્શબોધશૂન્ય ઉપર ઉપરથી અભ્યાસ કરીને કષાય, વિષય અને અજ્ઞાનતાની પ્રેરણાથી જનતામાં વિદ્વાન કે વક્તા તરીકેની પ્રસિદ્ધિ મેળવી કષાય વિષયને પોષવા જેઓ પ્રયાસ કરે છે તેઓ ભાવરોગ મટાડવાના બદલે પુષ્કળ વધારી રહ્યા છે; તેમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવઆરોગ્યતા પ્રાપ્ત થઇ શકતી નથી. જેઓ આત્માથી પરાઙ્મુખ થઇને અર્થાત્ આત્મદ્રોહી બનીને નામધારી દેહને પ્રસિદ્ધિમાં લાવવાને અથવા તો દેહને તથા ઇંદ્રિયોના વિષયોને પોષવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ છેવટે દેહનો નાશ થવાથી અપરાધી બનીને અધમ ગતિ મેળવ્યા સિવાય બીજું કાંઇપણ પ્રાપ્ત કરી શકતા નથી.

૫૬

જેઓ આત્માની કાળજી રાખ્યા સિવાય ઇંદ્રિયોને ગમે તેમ વર્તે છે તે આત્મદ્રોહી કહેવાય છે, આત્માને અશાંતિ ઉત્પન્ન કરનાર અનુચિત ઇચ્છાઓ છે; માટે કોઇપણ પૌદ્ગલિક વસ્તુ વાપરવાની ઇચ્છા થાય ત્યારે તે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વિચારવું. આત્માને શું લાભ મળે છે? પરિણામે શાંતિ ઉત્પન્ન કરે છે કે અશાંતિ? આત્મા અપરાધી બને છે કે નિરપરાધી? ઇત્યાદિ વિચાર કરવાથી ઇચ્છાઓ નબળી પડી જશે અને આત્મા અપરાધી થતો અટકશે.

૫૭

માનવ જીવનમાં તો કંઇક એવી અશાતા ઉદયમાં આવતી નથી, પણ ભવાંતરમાં ભોગવવા યોગ્ય અનંતી અસહ્ય અશાતા સત્તામાં ભરી છે. તે સમય આવતાં જીવને ભોગવવી પડશે. જ્યાંસુધી સર્વ કર્મ ક્ષય ન થાય ત્યાંસુધી જીવને સુખશાંતિ મળી શકવાની નથી. જે સુખ શાંતિ માનવામાં આવે છે તે બધીયે બનાવટી છે; મોહગ્રસ્ત અજ્ઞાની જીવે માની લીધેલી છે. જ્યાં આઠે કર્મોનો ઉદય ચાલુ હોય અર્થાત્ આઠ પ્રકારના ભાવરોગ જીવ ભોગવી રહ્યો હોય ત્યાં સુખશાંતિ તથા આનંદ હોય શાનો? સુખશાંતિ આદિ આત્માના ધર્મ છે, તે અનુકૂળ વૈષયિક જડાત્મક વસ્તુઓના સંયોગથી પ્રગટ થાય નહિ, પણ અવરાય છે—દબાય છે, પછી સુખશાંતિ શાની?

૫૮

શાતાવેદની પણ કર્મ છે માટે તે પણ ભાવરોગ હોવાથી તેને ભોગવનાર સુખશાંતિ ભોગવે છે એમ કેવી રીતે કહી શકાય? તોય મોહનીય કર્મના દબાણથી શાતાવેદની ભોગવનાર 'જીવને સુખશાંતિ ભોગવું છું' એમ કહેવું પડે છે. આત્મધર્મના વિકાશ સિવાય કાંઇપણ સાચું અને સારું છે જ નહિ અને તે વિકાશ કર્મના વિયોગ સિવાય થઈ શકે નહિ.

૫૯

જ્યારે મોહ નબળો પડી જાય છે ત્યારે આત્માને સાચું સૂઝે છે. ધન સંપત્તિને વિપત્તિ સમજે છે, બનાવટી સુખશાંતિને અશાંતિ તથા દુઃખ સમજે છે, વિષયિક સુખના સાધનને આત્મગુણઘાતક તથા સાચી સુખશાંતિ—જીવન અને આનંદના બાધક સમજે છે. અને એટલા માટે જ તે આત્મા ધન, સંપત્તિ આદિ છોડી દઇને આત્મિકગુણ મેળવવા ઉદ્યમ કરે છે. અજ્ઞાની જીવોને ઉદ્વેગ કરનાર કષ્ટાનુષ્ઠાન કરીને સંતોષ માને છે. અજ્ઞાની જીવો જેને દુઃખ માને છે તેને પોતે સુખ માને છે; કારણ કે કર્મક્ષય નિમિત્તે કરવામાં આવતાં કષ્ટાનુષ્ઠાન આત્મવિકાસ કરવાવાળાં હોવાથી પરિણામે સાચી સુખશાંતિ પ્રાપ્ત કરાવનારાં હોય છે માટે તેને દુઃખ નહિ પણ સુખ જ માને છે. જ્યારે મોહનીય સર્વથા નિર્બળ થઇ ગયું હોય ત્યારે જ આત્મા કંઇક સ્વતંત્રપણે સાચું સમજીને સાચું મેળવે છે. તે સિવાય તો સબળ મોહનીયથી નિર્બળ બનેલા આત્માઓ જૂઠાને સાચું માની હેરાન થઇ રહ્યા છે, છતાં માની રહ્યા છે કે અમે સુખી છીએ, મોટા છીએ, પૂજ્ય છીએ, ઉદ્ધારક છીએ, તારક છીએ. આ બધુંયે મોહના નશાનું પરિણામ છે, માટે પ્રલાપ માત્ર છે, જરાય સાચું નથી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ॥ દ્વિતીય શ્રી યુગમંધર જિનસ્તવન ॥

### સ્પષ્ટાર્થ સાથે.

( સં.—ડોકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી )

**શ્રી યુગમંધર વિનવું રે,**
**વિનતડી અવધાર રે દયાલરાય;**
**એ પરપરિણતિ રંગથી રે,**
**મુજને નાથ ઉગાર રે દયાલરાય. (૧)**

**સ્પષ્ટાર્થ**:-પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ તથા પરિગ્રહસંગ્રહ વિરમણરૂપ પંચ મહાવ્રત તથા ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુત્તિ, તપ, સંયમ, શૌચ, સત્ય, અકિંચનત્વ તથા બ્રહ્મચર્ય આદિ સર્વ ધર્મોમાં અનુવૃત્તિ ધરાવનાર અહિંસા-દયાધર્મ છે, જેમાં સર્વ ધર્મનો સમાવેશ થઇ જાય છે.

સર્વજ્ઞ તીર્થંકરદેવ હિંસાના બે પ્રકાર પ્રરૂપે છે. દ્રવ્યહિંસા અને ભાવહિંસા. પાંચ સ્થાવર આદિ એકેંદ્રિય જીવો તથા બેઇંદ્રિય આદિ ત્રસ જીવોના દશ દ્રવ્ય પ્રાણને મારવું, કાપવું, છેદવું, દુખવવું તથા તેનો વિયોગ કરવો તે દ્રવ્યહિંસા છે. પોતાના દ્રવ્ય પ્રાણની હિંસા કરવી તે સ્વદ્રવ્ય હિંસા અને અન્ય જીવના દ્રવ્ય પ્રાણની હિંસા કરવી તે પરદ્રવ્ય હિંસા છે. તથા તે કાર્યમાં મમત્વ કરી રહેલા જીવોના જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-ઉપયોગ વિગેરે ભાવ-પ્રાણનો મિથ્યાત્વ, અજ્ઞાન તથા કષાયવડે ઘાત કરવો તે ભાવહિંસા છે. અર્થાત્ મિથ્યોપદેશવડે કોઇ જીવના દર્શન ગુણનો ઘાત કરી મિથ્યાત્વરૂપ પરિણમાવવો, સમ્યગ્જ્ઞાનથી ચૂકાવી અજ્ઞાનરૂપ પરિણમાવવો. તથા ક્ષમા ગુણનો ઘાત કરી ક્રોધરૂપ પરિણમાવવો તથા વિનય ગુણનો ઘાત કરી માનરૂપ પરિણમાવવો તથા સરલતા ગુણનો ઘાત કરી માયારૂપ પરિણમાવવો, મુત્તિ ગુણનો ઘાત કરી લોભરૂપ પરિણમાવવો-એ વિગેરે તેની શુદ્ધ પરિણતિનો ઘાત કરી અશુદ્ધ પરિણામે પરિણમાવવો તે ભાવહિંસા છે. તેમાં પોતાના ભાવપ્રાણની હિંસા કરવી તે નિજભાવહિંસા છે અને પર જીવના ભાવપ્રાણની હિંસા કરવી તે પરજીવ-ભાવહિંસા છે અને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ તથા યોગનું સેવન કરવું તે હિંસાના કારણો છે. તે કારણો સેવવાથી હિંસા થાય છે. કહ્યું છે કે—

**કારણ જોગે કારજ નીપજે રે,**
**એહમાં કોઇ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધીયે રે,**
**તે નિજમત ઉન્માદ.-શ્રીઆનંદઘનજી.**

એમ સ્યાદ્વાદ નય યુક્ત જિનપ્રરૂપિત દ્રવ્યહિંસા તથા ભાવહિંસાના સ્વરૂપથી અજાણ તથા તેના કારણોથી અજાણ મિથ્યાદષ્ટિ જીવો એક સંયમ માત્ર પણ અહિંસા ભાવમાં વર્તી શકવાને અસમર્થ છે તથાપિ મોહમદ્યમાં બેભાન થયેલા હિંસામાં વર્તતા છતાં અમે દયા પાળીયે છીએ-દયાલુ છીએ એમ પોતાના જિહ્વાગ્રથી જલ્પના તથા મનમાં કલ્પના કરે છે પણ તેથી શું ? સાચી દયા પાળ્યા સિવાય તેના પરમોત્તમ ફલ મોક્ષસુખને પામી શકે નહીં.

પણ જે સ્યાદ્વાદ નય યુક્ત જિનપ્રરૂપિત દ્રવ્ય-હિંસા તથા ભાવહિંસાના સ્વરૂપનું તથા તેના કારણોનું સમ્યગ્જ્ઞાન ધરાવે છે. જે પરમોત્તમ ફલના ઉત્સુક છે, હિંસાનું ફલ જે ભવભ્રમણ તેથી ઉદ્વિગ્ન ભયભીત છે એવા સમ્યગ્દષ્ટિ જીવો જ અહિંસામાં વર્તી શકવાને સમર્થ છે. "પઢમં નાણં તઓ દયા" જે જે અંશે અહિંસાભાવમાં વર્તે છે, તેને તેટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશે અહિંસક કહીયે; માટે ચોથા ગુણસ્થાનકથી માંડી ઉપલાઉપલા ગુણસ્થાનોમાં અહિંસક દશા નય પ્રમાણ અધિકી અધિકી વર્તે છે, પણ હે ભગવંત! આપ હિંસાના સર્વે કારણોથી દૂરવર્તી હોવાથી સર્વોત્કૃષ્ટ તથા સર્વદા અહિંસક ભાવમાં વર્તો છો, રાગ-દ્વેષ રહિત હોવાથી સર્વે જીવો ઉપર એક સરખી રીતે દયા રાખો છો, તેથી સર્વે દયાલુ જીવોમાં આપ રાજા સમાન શિરોમણિ છો તેથી હે દયાલરાય! શ્રી યુગમંધર સ્વામિ! કરુણાનિધાન તથા સમર્થ જાણી આપ પ્રતિ વિનંતિ ઉચ્ચારુ છું કારણ કે દયાલુ તથા સમર્થ હોય તે જ સેવકની વિનંતી અને મનોરથો જ પરિપૂર્ણ કરે, માટે મુજ સેવકની વિનંતિ કરુણાભાવે ચિત્તમાં ધારી "એ પરપરિણતિ રંગથી મુજને નાથ ઉગાર." હે નાથ! હે સ્વામી! અનાદિ વિભાવવશે પુદ્ગલ પર્યાય જે શરીરાદિક તેમાં અહંપણું માની, તે ઉપર અસંત રાગ કરી તેમાં તલ્લીન થઇ રહ્યો છું. તથા તે શરીરાદિકને પ્રશસ્ત, હિતકારી કુટુંબીજનો મિત્રવર્ગ-નોકર, ચાકર તથા ધન, ધાન્ય, મણિ, ઔષધિ, આવાસ આદિ અનેક પુદ્ગલ પર્યાયોમાં તથા પંચેંદ્રિયના અનેક મનોજ્ઞ વિષયોમાં રાગવશે તલ્લીન થઇ રહ્યો છું, તેને મેળવવા, રાખવા માટે અનેક પ્રયાસ કરું છું, અનેક વિકલ્પજાલ રચું છું, તેની તૃષ્ણારૂપી આગમાં નિરંતર પ્રજ્વલિત થાઉં છું, તેનો વિયોગ થાય તે માટે ભય ભોગવું છું, તેના વિયોગે શોક-સંતાપ, આક્રંદ વિગેરેનો ભોક્તા બનું છું અને પોતાની સહજ અનંત, સ્વતંત્ર અપૃથગ્ભૂત સ્વક્ષેત્રવર્તી અવિનશ્વર સુખનિધાન આત્મપરિણતિથી વિયોગી રહું છું, માટે હે ભક્તવત્સલ પ્રભુ! એવી દુષ્ટ પરપરિણતિના રંગથી મુજને હવે શીઘ્રમેવ ઉગારો.

**કારક ગ્રાહક ભોગ્યતા રે,**
**મેં કીધી મહારાય રે દયાલરાય;**
**પણ તુજ સરીખો પ્રભુ લહી રે,**
**સાચી વાત કહાય રે દયાલરાય. (૨)**

**સ્પષ્ટાર્થ:**-સર્વે દ્રવ્યો અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને સત્વ સ્વભાવવંત હોવાથી પોતાના ગુણ પર્યાયોના કર્તા, ગ્રાહક, વ્યાપક આદિપણે પોતાની સત્તાભૂમિમાં સર્વદા વર્તે છે. તથા વળી "ક્ષેત્રકાલભાવાનામ્ એકસમુદાયિત્વં દ્રવ્યત્વમ્" ક્ષેત્ર-કાલ-ભાવનું એક સમુદાયીપણું તે દ્રવ્યત્વ છે માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પરસ્પર અભેદ છે-અપ્રથગ્ભૂત છે તેથી કોઇ દ્રવ્ય બીજા દ્રવ્યના ક્ષેત્ર, કાલ, ભાવમાં પ્રવેશ કરવા સર્વથા અસમર્થ છે માટે નિશ્ચય નયે કોઇ દ્રવ્ય અન્ય દ્રવ્યનો કારક, કર્તા, ભોક્તા, ગ્રાહક, વ્યાપક, આધાર, આધેય વિગેરે થઇ શકે નહીં, તથાપિ જીવમાં અનાદિ વિભાવ સ્વભાવ હોવાથી હું મિથ્યાત્વ અજ્ઞાનવશે પરપરિણતિ-પુદ્ગલપર્યાયો વિષે કર્તા-ભોક્તા-ગ્રાહક, વ્યાપક આદિ બુદ્ધિ કરી મારી આત્મિક સ્વતંત્ર સિદ્ધિથી વિયોગી રહ્યો, પણ હે યુગમંધર સ્વામી! આપને સંપૂર્ણ નયે પોતાના પરિણામના કર્તા, જ્ઞાતા તથા તેમાં જ રમણ કરનાર તથા તેનો જ આસ્વાદન-અનુભવ લેનાર હોવાથી સાચા પ્રભુ જાણી, આપ પ્રતિ હું મારી સાચી કથા નિવેદન કરું છું. (૨)

**યદ્યપિ મૂલ સ્વભાવમાં રે,**
**પરકર્તૃત્વ વિભાવ રે દયાલરાય;**
**અસ્તિ ધર્મ જે માહરો રે,**
**એહનો તથ્ય અભાવ રે દયાલરાય. ૩**

**સ્પષ્ટાર્થ:**-અનાદિ કાલથી જો કે મારા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્મગુણમાં પરકર્તૃત્વાદિ વિભાવનો સંશ્લેષ થયેલો છે તેથી હું અનાદિ કાલથી પરકર્તૃત્વાદિ વિભાવરૂપ પરિણમું છું તો પણ સત્તાગતે રહેલા મારા અસ્તિધર્મમાં-સામાન્ય સ્વભાવમાં ખરેખર તે વિભાવનો અભાવ છે, કારણ કે સામાન્ય સ્વભાવ સદા નિરાવરણ છે, માટે જો હું મારા અસ્તિધર્મ તરફ લક્ષ આપું, તેને પ્રગટ કરવા રુચિ ધરું તો નિશ્ચય કર્મજન્ય ઉપાધિરૂપ વિભાવનો સમૂલ નાશ કરી સંપૂર્ણ શુદ્ધ સુખનિધાન અસ્તિધર્મનો ભોગી થાઉં. આદિ અનંતકાલ સુધી એ અવસ્થામાં અવસ્થિત રહું. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરપરિણામિકતા દશા રે,**
**લહી પરકારણ યોગ રે દયાલરાય;**
**ચેતનતા પરગત થઇ રે,**
**રાચી પુદ્‌ગલ ભોગ રે દયાલરાય. (૪)**

**સ્પષ્ટાર્થ**:–જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયવશે પરપરિણામિક દશાને પ્રાપ્ત થયો છું, અર્થાત્ પરદ્રવ્યના પરિણામને પોતાનો પરિણામ માનું છું એટલે મન–વચન–કાયાની ક્રિયાને આત્મક્રિયા માનું છું તેથી મારી ચેતનતા પરપરિણામમાં વ્યાપી–પરગત થઇ, પુદ્‌ગલ પર્યાયોને ભોગવવામાં રાચી–આસક્ત થઇ–લીન થઇ–ત્યાં જ સ્થિત થઇ તેથી આત્મપરિણામનો ભોગ લેવા અવકાશ મળ્યો નહી.

**અશુદ્ધ નિમિત્ત તો જડ અછે રે,**
**વીર્યશક્તિ વિહીન રે દયાલરાય;**
**તું તો વીરજ જ્ઞાનથી રે,**
**સુખ અનંતે લીન રે દયાલરાય. (૫)**

**સ્પષ્ટાર્થ**:–આત્માને અશુદ્ધ પરિણામે અર્થાત અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયરૂપ પરિણમવામાં શુભાશુભ કર્મોદયવડે પુદ્‌ગલ દ્રવ્ય–ગુણ–પર્યાયનો સંબંધ તે નિમિત્ત છે પણ તે શુભાશુભ કર્મોદય, જડ ચેતનતા રહિત તેમજ વીર્યશક્તિ રહિત હોવાથી તેનો આત્માને અશુદ્ધ પરિણામે પરિણમાવવામાં પોતાની મેળે કારણ બનવાને અસમર્થ છે તથા કારણ પદ તો ઉત્પન્ન પર્યાય છે માટે જ્યારે કર્તા કાર્ય સાધવાનો રૂચિવંત થઇ તેને નિમિત્તમાં વાપરે ત્યારે તેમાં કારણ પદ ઉત્પન્ન થાય છે. જો આત્મા પ્રમાદભાવમાં વર્તે તો તે શુભાશુભ કર્મોદય અશુદ્ધ પરિણામનું નિમિત્ત થાય પણ પોતે સચેત થઇ પોતાના શુદ્ધ કાર્યનો કર્તા થાય ત્યારે કારક ચક્ર સુલટે અને શુભાશુભ કર્મોદયે અશુદ્ધ પરિણામે પરિણમે નહીં, તો તે પુદ્‌ગલો નિમિત્ત પણ થઇ શકે નહિ. જેમ કુંભાર ઘર કાર્યનો રૂચિવાન થાય નહીં તથા દંડ–ચક્રાદિને તે ઘરકાર્ય સાધવામાં વાપરે નહિ તો દંડ–ચક્રાદિ તે વારે ઘરકાર્યના નિમિત્ત કહેવાય નહીં. પણ હું અનાદિ વિભાવવશે રાગ-દ્વેષે પરિણમવાની દૃઢ ટેવથી તે પુદ્‌ગલ જડમાં કારણપદ ઉત્પન્ન કરી અશુદ્ધ પરિણામે પરિણમું છું તેથી આત્મિક શુદ્ધ કાર્ય કરવામાં આત્મવીર્યે અત્યંત હીન થઇ રહ્યો છું, અર્થાત્ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખરૂપ અનુપમ આત્મ વ્યક્તિથી રહિત કંગાલ બની અત્યંત પરાધીન, દરિદ્ર–દયામણી અવસ્થાને ભોગવું છું પણ હે પ્રભુ ! તમે તો અનંત જ્ઞાનવીર્યના પરિપૂર્ણપણાથી–પૂર્ણ વ્યક્તિથી સહજ. અકૃત્રિમ–સ્વતંત્ર–એકાંતિક, અંતાતીત, અવ્યાબાધ–આત્મિક સુખમાં લીન–સંતૃપ્ત–નિમગ્ન થઇ રહ્યા છો. (૫)

**તિણ કારણ નિશ્ચય કરયો રે,**
**મુજ નિજ પરિણતિ ભોગ રે દયાલરાય;**
**તુજ સેવાથી નીપજે રે,**
**ભાંજે ભવ ભય શોગ રે દયાલરાય. (૬)**

**સ્પષ્ટાર્થ**:–તેથી ન્યાય યુક્ત જ્ઞાનદૃષ્ટિથી મને એવો નિશ્ચય થયો છે કે–હે ભગવંત ! કર્મરૂપ રજથી સર્વથા નિર્લેપ સ્ફટિક સમાન તમારા સંપૂર્ણ, નિર્મલ, પવિત્ર ગુણોનું સેવન કરતાં–ભક્તિ કરતાં મારી આત્મપરિણતિરૂપ અબાધ્ય, અખૂટ, સ્વતંત્ર, પૂર્ણાનંદમય, સહજ આત્મસંપદાના ભોગની મને પ્રાપ્તિ થશે તથા 'ભાંજે ભવ ભય શોગ' અનાદિકાલથી ચાર ગતિરૂપ ભવસમુદ્રમાં અજ્ઞાનવશે અનેક દુઃસહ દુઃખો તથા તજ્જન્ય ભય, શોક, સંતાપ, આક્રંદ વિગેરે સહું છું, તેનો સહજ લીલામાત્રમાં નાશ થશે. ૬

**શુદ્ધ રમણ આનંદતા રે,**
**ધ્રુવ નિસ્સંગ સ્વભાવ રે; દયાલરાય**
**સકલ પ્રદેશ અમૂર્તતા રે,**
**ધ્યાતા સિદ્ધિ ઉપાય રે. દયાલરાય (૭)**

**સ્પષ્ટાર્થ**.–અચલ, અબાધિત, નિરાવરણ, શુદ્ધ પરમાત્મ પદ રમણ–અનુભવજન્ય આનંદને તથા પોતાના ધ્રુવ અર્થાત્ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવે સદા સત્, અનંત અવ્યય ગુણનો પિંડ, તથા નિસ્સંગ–સકલ પરભાવ પરિગ્રહથી અતીત એવા આત્મભાવને તથા અલેશી, અસ્પર્શી, અગંધી, અવર્ણી, અરસી, અક્રોધી, અમાયી, અમાની, અલોભી, અવેદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ અનેક વ્યતિરેક ગુણોના સમૂહરૂપ સકલ પ્રદેશ અમૂર્તિ પિંડ આત્મ દ્રવ્યને સર્વે પરદ્રવ્યની મૂર્ચ્છાથી પોતાની આત્મપરિણુતિ વારી પોતાની આત્મભૂમિમાં સ્થિત કરી-લીન કરી પોતાની સર્વે વીર્યશક્તિ એકત્ર કરી એકાગ્ર ચિત્તે ધ્યાતાં અમૂર્ત પરમાત્મપદની સિદ્ધિ થાય-ધ્યાતા ધ્યેયની એકતા થાય.

**સમ્યક્તત્ત્વ જે ઉપદિશ્યો રે,**
**સુણતા તત્ત્વ જણાય રે દયાલરાય;**
**શ્રદ્ધા જ્ઞાને જે ગ્રહ્યો રે,**
**તેહિ જ કાર્ય કરાય રે દયાલરાય. (૮)**

**સ્પષ્ટાર્થ:**-દ્રવ્યના સર્વ પર્યાયના અજ્ઞાન વિનાના એકાંતવાદીયો( મિથ્યાવાદીઓ )ના વિડંબનારૂપ ભવભ્રમણુના હેતુભૂત દુર્નયથી પરિપૂર્ણ અજ્ઞાનજન્ય સિદ્ધાંતથી ઉપજતા અજ્ઞાનરૂપ અંધકારના સમૂહનો નાશ કરનાર, સકલ નય તથા પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણુથી અબાધિત-સ્યાદ્વાદ યુક્ત, અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ તથા અસંભવાદિ સકલ દૂષણો રહિત જીવાદિ તત્ત્વોનું સત્ય સ્વરૂપ પ્રતિપાદન કરનાર જિનેશ્વરના પરમ કલ્યાણકારી વચનો, શ્રવણુ-મનન-નિદિધ્યાસન કરતાં, સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત તત્ત્વ સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થાય તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન યુક્ત જો આત્મસ્વરૂપ જાણીયે-ગ્રહણુ કરીયે તો જ પરમાત્મ સિદ્ધિના સાધક બની શકીયે. જ્યાંસુધી આત્મદ્રવ્યનું સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થયું નથી ત્યાં સુધી આદરેલું ચારિત્ર તે સમ્યક્ વિશેષણુને પ્રાપ્ત થઇ શકે નહિ. અને સમ્યક્ ચારિત્ર વિના કદાપિ કાળે મોક્ષની પ્રાપ્તિ થઇ શકે નહિ. (૮)

**કાર્યરુચિ કર્તા થયે રે,**
**કારક સવિ પલટાય રે દયાલરાય;**
**આતમગતે આતમ રમે રે,**
**નિજ ઘર મંગલ થાય રે દયાલરાય. ૯**

**સ્પષ્ટાર્થ:**-જ્યાંસુધી જીવ મિથ્યાત્વ ગુણુસ્થાનકે વર્તે છે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ નથી ત્યાંસુધી અનાત્મ વસ્તુમાં આત્મબુદ્ધિ-અહંપણું માને છે, અર્થાત્ પુદ્ગલ સ્કંધોથી બનેલું ચૈતન્ય શૂન્ય જે: શરીર તેમાં લોલીભૂતપણે પરિણુમી પોતાનું આત્મઅંગ માને છે તથા તે શરીરને જે પ્રશસ્ત, હિતકારી પદાર્થો-સ્ત્રી-ધન-કુટુંબાદિને પોતાનાં હિતકારી માને છે, તેઓમાં રાગ-રસે રીઝે છે સંસારભ્રમણુ પરિપાટીને વધારે છે અને તે શરીરાદિને પોતાના સાધ્ય જાણી નિરંતર તેને સાધવા માટે અનેક પ્રયાસ કરે છે. તેને જ પોતાનું કાર્ય જાણે છે અને અજ્ઞાનવશે પોતે પરકર્તૃત્વભાવે પરિણુમે છે. તેથી કારકચક્ર શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ બાધકભાવે પરિણુમે છે, પણુ જ્યારે આત્મા યોગ્ય કારણુવડે સમ્યગ્જ્ઞાનનો લાભ પામે, અનંત પરમાનંદમય સંપૂર્ણ સુખના હેતુ પરમાત્મપદરૂપ પોતાના શુદ્ધ સાધ્યને ઓળખે ત્યારે પર સાધ્ય તરફ અરૂચિ થાય અને પોતાનું શુદ્ધ સાધ્ય સાધવાની રૂચિ થાય, શુદ્ધ કાર્ય કરવાનો અભિલાષી થાય ત્યારે જે કારકચક્ર બાધકભાવે અર્થાત્ આત્માના જ્ઞાન-દર્શન-સુખ-વીર્યની ઘાત કરવારૂપ કાર્યે પરિણુમતું હતું તે સાધક ભાવે એટલે શુદ્ધ જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય સાધવારૂપ પરિણુમે એટલે આત્મા પોતાના શુદ્ધ પરિણામે વર્તે, તેમાં રમણુ કરે, ત્યાં જ સ્થિત થાય એમ થતાં આત્માના સર્વે પ્રદેશો મંગલ થાય અર્થાત્ કર્મરૂપ રજ ગળી જાય. અત્યંત સુખનિધાનનો લાભ થાય. ( ૯ ).

**ત્રાણુ શરણુ આધાર છો રે,**
**પ્રભુજી ભવ્ય સહાય રે દયાલરાય;**
**દેવચંદ્ર પદ નીપજે રે,**
**જિન પદકજ સુપસાય રે દયાલરાય. ૧૦**

**સ્પષ્ટાર્થ:**-હે પ્રભુજી ! આપ ચાર ગતિરૂપ ભવભ્રમણુના દુઃખથી ત્રાણુ અર્થાત્ રક્ષણુ કરનાર તથા મહાન દુઃખદાયી જ્ઞાનાવરણાદિ પ્રચંડ અષ્ટ કર્મ શત્રુઓથી ડરતા ભવ્ય પ્રાણીઓને શરણુ છો તથા ભવસમુદ્રમાં ડૂબતા ભવ્ય પ્રાણીઓને હસ્તાવલંબન રૂપ છો તથા ભવ્યજીવોને મોક્ષલક્ષ્મી વસાવવામાં પરમ સહાયભૂત છો, તેથી હે ગુણુસાગર ! આપના નિર્મલ ચરણુકમલના પસાયથી દેવમાં ચંદ્રમા સમાન પરમાત્મપદની પ્રાપ્તિ થાય એ નિર્વિવાદ છે. (૧૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંગહણી ( સંગ્રહણી )

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

સંસ્કૃતમાં ‘ સંગ્રહ ’ શબ્દ છે. આ શબ્દનું નારી જાતિનું રૂપ ‘ [1]સંગ્રહણિ ’ તેમજ ‘ સંગ્રહણી ’ થાય છે. એને મળતા આવતા પાઇય ( પ્રાકૃત ) શબ્દ ‘ સંગહણિ ’ અને ‘ સંગહણી ’ છે. પદાર્થનું સંક્ષેપમાં પ્રતિપાદન કરનાર ગ્રંથને–સારસંગ્રાહક ગ્રંથને પાઇયમાં ‘ સંગહણિ ’ કે ‘ સંગહણી ’ અને સંસ્કૃતમાં ‘ સંગ્રહણિ ’ કે ‘ સંગ્રહણી ’ કહે છે. જેમ ‘ સંગહણિ ’ ઇત્યાદિ સંક્ષેપસૂચક શબ્દ છે તેમ ‘ સમાસ ’ શબ્દ પણ છે.

કેટલીક જૈન કૃતિઓના અંતમાં ‘ સમાસ ’ શબ્દ જોવાય છે. જેમ કે **ખેત્તસમાસ** અને **જંબુદ્દીવસમાસ.** એવી રીતે કેટલીક જૈન કૃતિઓને ’ સંગહણી ’ ના નામે ઓળખાવાય છે. વળી કેટલીક કૃતિના અંશનો પણ ‘ સંગહણી ’ શબ્દપૂર્વક વ્યવહાર કરાય છે.

**પડિક્કમણ-સંગહણી**-ભદ્રબાહુસ્વામીએ રચેલી મનાતી **આવસ્સયનિજ્જુત્તિ** એ કેટલાક વિદ્વાનોને મતે મૂળ સ્વરૂપમાં આજે મળતી નથી, પરંતુ એમાં વખતોવખત ઉમેરા થઇ એનો જે દેહ બંધાયો તે સ્વરૂપે આજે આપણને મળે છે. પ્રો. લોયમને આ નિજ્જુત્તિના ચાર ઉદ્ધાર કલ્પ્યા છે. એ પૈકી પહેલા ત્રણ ઉદ્ધારો અનુક્રમે **ભદ્રબાહુસ્વામી, સિદ્ધસેન** ( દિવાકર ) અને જિનભટને હાથે થયા છે. બીજા ઉદ્ધારની વેળાએ **પેઢિયા** ( પીઠિકા ) અને **સંગહણી**( સંગ્રહણી )ને સ્થાન અપાયું.[2] આ સંગહણીનો સંબંધ **આવસ્સયના** છ અંશો પૈકી પડિક્કમણ પ્રતિક્રમણ ) સાથે છે. એને પડિક્કમણ **સંગહણી** કહે છે. એમાં ૮૦ ગાથા છે. **જિનરત્નકોશ** ( ભા. ૧, પૃ. ૨૫૯ )માં ૧૬૯ ગાથાની **પ્રતિક્રમણ સંગ્રહણીની** નોંધ છે. આ **પ્રતિક્રમણનિર્યુક્તિ**( **પડિક્કમણનિજ્જુત્તિ** )માં તો ૫૧ થી ૫૩ જેટલી ગાથા જોવાય છે. એટલે લગભગ ૧૧૬ જેટલી સંખ્યા એમાં તો ઓછી છે.

**જિનભદ્રીય સંગહણી**—જૈન જગત્માં ‘ભાષ્યકાર’ તરીકે ઓળખાવાતા અને **વિસેસાવસ્સયભાસ, વિસેસણવઇ, જીયકપ્પસુત્ત, ખેત્તસમાસ** ઇત્યાદિના કર્તા ક્ષમાશ્રમણ જિનભદ્રગણિએ પાઇયમાં–જઇણા મરહઠીમાં પદ્યમાં **સંગહણી** રચી છે. એને **બૃહત્સંગ્રહણી** કહે છે. પણ્ણવણા ઇત્યાદિ જૈન પ્રૌઢ કૃતિઓના દોહનરૂપે અને સૌ કોઇ જૈનના–શ્રાવિકાઓના સુદ્ધાં ઉપયોગ માટે રચાયેલી આ **સંગહણીનું** પઠનપાઠન એટલા વિશાળ સ્વરૂપમાં થયું લાગે છે કે એના અભ્યાસીઓએ એમાં વિસ્તારાદિના ભયથી નહિ અપાયેલી બાબતોને લગતી ગાથાઓ અહીંતહીંથી લઇને એનું કલેવર વધારી દીધું. એમ જણાય છે કે અસલ એમાં લગભગ ૨૭૧ ગાથાઓ હશે. આજે એમાં લગભગ ૪૧૯ ગાથાઓ જોવાય છે. આ સનતીય કૃતિ ઉપર મલયગિરિસૂરિની [3]ટીકા, પૂર્ણભદ્રના શિષ્ય **શાલિભદ્રે** વિ. સં. ૧૧૩૯ માં રચેલી વિવૃતિ, **મુનિપતિચરિત્ત**ના

૧ જુઓ જિનભદ્રીય **સંગહણી**( ગા. ૧ )ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ( પત્ર ૨ આ ). ૨ જુઓ મારું પુસ્તક A History of the Cononical Literature of the Jainas ( p. 174 ).

૩ આ ટીકાના મંગલાચરણમાં મૂળના કર્તાના નામ તરીકે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સ્પષ્ટ ઉલ્લેખ છે; બાકી મૂળમાં કર્તાનું નામ નથી. વિશેષમાં આ ટીકા ૩૫૩ ગાથા ઉપર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તા હરિભદ્રકૃત વૃત્તિ, જિનવલ્લભની વૃત્તિ તેમજ એક અજ્ઞાતકર્તૃક ટીકા છે. આ પૈકી પ્રાચીન અને વિશ્વસનીય ટીકાઓનો મૂળ સહિત સમીક્ષાત્મક અભ્યાસ કરતાં કઇ કઇ ગાથાઓ પ્રક્ષિપ્ત છે તે જાણી શકાય. આ પ્રયાસ કરવા જેવો છે. આની સફળતા માટે એક બીજો માર્ગ પણ ગ્રહણ કરવો જોઇએ અને તે આ કૃતિની પ્રાચીન હાથપોથીઓના અન્વેષણનો છે. જેસલમેરના ભંડારમાં આની કોઇ જૂની હાથપોથી હોય તો એ કામમાં લઈ શકાય.

**શ્રીચન્દ્રીય સંગહણી**—જૈન પાઠશાળાઓમાં આજકાલ સામાન્ય રીતે **પ્રતિક્રમણસૂત્ર, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, સંગ્રહણી** અને **કર્મગ્રન્થ**નો અભ્યાસ કરાવાય છે. આ સંગ્રહણી જિનભદ્રીય નહિ, પરંતુ 'મલધારી' હેમચન્દ્રસૂરિના શિષ્યલેશ (યાને લઘુશિષ્ય) શ્રીચન્દ્રસૂરિએ રચેલી કૃતિ છે. આ શ્રીચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૯૩માં **મુણિસુવ્વયચરિય**(મુનિસુવ્રતચરિત્ર) પદ્યમાં રચ્યું છે. એમની બીજી સુપ્રસિદ્ધ કૃતિ તે **ખેત્તસમાસ** છે. આમ આ આચાર્યે ક્ષમાશ્રમણની પેઠે જૈન ભૂગોળ અને ખગોળ રચેલ છે.

શ્રીચન્દ્રસૂરિના સમયમાં જિનભદ્રીય **સંગહણી**નું પ્રમાણ પહેલાં કરતાં વધી ગયું હતું એટલે સંક્ષિપ્ત કૃતિ રચવા આ સૂરિ પ્રેરાયા. આ કૃતિ તરફ જૈન જનતાને આદર વધવાથી આ સંક્ષિપ્ત કૃતિ જે મૂળે લગભગ ૩૪૯ ગાથા જેટલી થઇ છે. આમાં ઊર્ધ્વલોક સંબંધી હકીકત વિશેષ પ્રમાણમાં છે એટલે એ દૃષ્ટિએ કેટલાક એને 'જૈન ખગોળ' તરીકે ઓળખાવે છે. આનું બીજું નામ **ત્રૈલોક્યદીપિકા** પણ સૂચવાય છે. આ મુખ્યતયા ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ સાથે સંબંધ ધરાવે છે. આમાં સ્થિતિ, ભવન, અવગાહના, ઉપપાતનો વિરહ, ચ્યવનનો વિરહ, ઉપપાત–સંખ્યા, ચ્યવન–સંખ્યા, ગતિ અને આગતિ એ નવ બાબતો દેવ અને નારકને ઉદ્દેશીને અને ભવન સિવાયની આઠ બાબતો મનુષ્ય અને તિર્યંચને અંગે વિચારાઇ છે. આ કૃતિની સચિત્ર હાથપોથીઓ મળે છે.

**સંગ્રહણીરત્ન** તેમજ **બૃહત્સંગ્રહણી** એ નામોથી પણ ઓળખાવાતી આ કૃતિ ઉપર દેવભદ્રે–શ્રીચન્દ્રસૂરિના શિષ્યે ટીકા રચી છે. આ ટીકા ૨૭૪ ગાથા ઉપર છે એટલે મૂળે આ કૃતિ આવડી જ હશે. ટીકાકારે કહ્યું છે કે-જિનભદ્રીય **સંગહણી** જેવડી આ સંક્ષિપ્ત કૃતિ છે, પરંતુ એમાં વિશેષ અર્થ સમાવાયો છે.

દેવભદ્રીય ટીકા ઉપરાંત આ **સંગ્રહણી** ઉપર મેરુતુંગસૂરિના શિષ્ય ધર્મનંદનગણિએ તેમજ ચારિત્રમુનિએ એક એક અવચૂરિ સંસ્કૃતમાં રચી છે. વળી આ કૃતિ ઉપર કોઇકે વૃત્તિ રચી છે. આ ઉપરાંત રત્નાસંહસૂરિના શિષ્ય દયાસિંહગણિએ વિ. સં. ૧૪૯૭ માં અને શિવનિધાનગણિએ વિ. સં. ૧૬૮૦ માં એકેક બાલાવબોધ રચ્યો છે. આમ હોવાથી આ **સંગહણી** સિદ્ધાન્તોના અવગાહન માટે પ્રવેશક કૃતિની ગરજ સારે તેમ છે.

**લઘુ–સંગ્રહણી**–**જિનરત્નકોશ** (ભા, ૧, પૃ. ૩૩૬)માં [1]૩૦ પદ્યોની એક **લઘુ સંગ્રહણી**ની નોંધ છે. વળી અહીં હેમચન્દ્રકૃત **લઘુ સંગ્રહણી**નો ઉલ્લેખ છે. આ બેમાંથી એકે મેં જોઇ નથી એટલે એ વિષે વિશેષ કંઇ હું કહી શકતો નથી. જેમની પાસે આ કૃતિઓની હાથપોથી હોય તેઓ એ તપાસી આ સંબંધમાં પ્રકાશ પાડે.

[2]**દંડગપયરણ યાને લઘુ સંગ્રહણી**—ગજસારે ૪૪ ગાથામાં વિજ્ઞપ્તિરૂપે એક કૃતિ રચી છે. એમાં આદ્ય પદ્ય દ્વારા ૨૪ દંડકવડે જિનેશ્વરની સ્તુતિ કરીશ એમ કર્તાએ કહ્યું છે. આની સ્વોપજ્ઞ અવચૂરિમાં ગજસારે આ કૃતિને **વિચારષટ્ત્રિંશિકા**

૧ આ સંખ્યા વિચારતાં આ કૃતિ તે **જંબુદ્દીવપણ્ણત્તિ સંગહણી** તો નથી એમ પ્રશ્ન સ્ફુરે છે.

૨ વિશેષ માહિતી માટે જુઓ (હવે પછી પ્રસિદ્ધ થનાર) મારો લેખ "દંડગ (દંડક)."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી છે, પરંતુ એની ટીકામાં પ્રારંભમાં એના કર્તા રૂપચન્દ્રે એને **લઘુ સંગ્રહણી** કહી છે. ટીકાકારનું કથન સમુચિત છે, કેમકે આ નાનકડી કૃતિમાં ૨૪ દંડક ઉપર ઘટાવવાનાં ૨૪ દ્વારનું નિરૂપણ સંક્ષેપમાં છે. આ કૃતિ ઉપર ઇશ્વરાચાર્યે રચેલી ટીકા અને એક અજ્ઞાનકર્તૃક ચૂર્ણિ છે એમ જિનરત્નકોશ-( પૃ. ૩૫૨ )માં ઉલ્લેખ છે.

**જંબુદ્દીવ સંગહણી**—હરિભદ્રસૂરિએ આ ૨૯ ગાથામાં રચી છે. એના ઉપર વિ. સં. ૧૩૯૦ માં પ્રભાનન્દસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. આ ઉપરથી આના ઉપર બીજી પણ બે વૃત્તિ હોવાની નોંધ મળે છે, આ લઘુ કૃતિમાં જંબૂદ્વીપનું જ મોટે ભાગે વર્ણન છે. આ કૃતિને પ્રભાનંદસૂરિએ **ક્ષેત્રસંગ્રહણી** કહી છે. કેટલાક એને **લઘુ સંગ્રહણી** કહે છે, પરંતુ એને **જંબુદ્દીવસંગહણી** એ નામે ઓળખવી વિશેષ ઉચિત જણાય છે. આમાં ત્રીસેક ગાથા છે એટલે **જિનરત્નકોશ**માં જે એક લઘુ **સંગહણી**ની નોંધ છે તે આ તો નહિ હોય?

**જિનરત્નકોશ**( પૃ. ૧૩૧ )માં **બાલનંદિના** શિષ્ય **પદ્મનંદિએ** ઇ. સ. ૫૦૦ ની આસપાસમાં લગભગ ૨૪૨૬ ગાથામાં ૧૩ પ્રકરણોમાં **જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસંગ્રહ** રચ્યાનો ઉલ્લેખ છે.

**સંગ્રહણી જિનરત્નકોશ** ( ભા. ૧, પૃ. ૪૦૯ ) માં રામચન્દ્રે સંસ્કૃતમાં પદ્યમાં રચેલી **સંગ્રહણી** નામની કૃતિનો ઉલ્લેખ છે.

**સંગ્રહણીપદ વિચાર-જિનરત્નકોશ** ( ભા. ૧, પૃ. ૪૦૯ ) માં આના કર્તા તરીકે દેવકુશલનું અને એના વૃત્તિકાર તરીકે દેવભદ્રનું નામ અપાયેલ છે.

**ધર્મરત્ન સંગ્રહણી-જિનરત્નકોશ** ( પૃ. ૧૯૨ ) માં આના કર્તા તરીકે અભયદેવસૂરિનો અને એના ઉપર વિ. સં. ૧૪૪૧ માં વૃત્તિ રચનાર તરીકે કુલમંડનસૂરિનો ઉલ્લેખ છે.

**પણ્ણવણાતઇયપય સંગહણી ( પ્રજ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી )**—જૈનોના બાર ઉવંગ-( ઉપાંગ )માંના ચોથાનું નામ **પણ્ણવણા** છે. એ **શ્યામાચાર્ય**ની રચના છે. એઓ **વીરસંવત્** ૩૭૬ કે ૩૮૬ માં વિદ્યમાન હોવાનું કે વિદેહી બન્યાનું મનાય છે. એમની આ કૃતિમાં ૩૬ પય (પદ) છે. તેમાંના ત્રીજા પયને અંગે **અભયદેવસૂરિએ** ૧૪૩ ગાથામાં **સંગહણી** રચી છે. એ **પણ્ણવણાતઇયપય સંગહણી** કહેવાય છે. આના ઉપર કુલમંડનની ટીકા છે. કોઇકની અવચૂરિ છે. **જીવવિજયે** વિ. સં. ૧૭૮૪ માં રચેલો બાલાવબોધ છે તેમજ આના પર્યાયોને એક નાનકડી કૃતિમાં સ્થાન અપાયું છે. આ જ કૃતિને કેટલાક **પ્રજ્ઞાપનોદ્ધાર** કહે છે. પ્રો. પિટર્સને **પ્રજ્ઞાપનાસૂત્રસારોદ્ધાર** નામની ગદ્યાત્મક કૃતિની નોંધ લીધી છે તે કઇ કૃતિ છે?

**ધમ્મસંગહણિ** આ **અનેકાન્તજયપતાકા** ઇત્યાદિ અનેક પ્રૌઢ કૃતિઓના પ્રણેતા હરિભદ્રસૂરિની કૃતિ છે. એમાં જઇણ મરહઠ્ઠીમાં ૧૩૯૬ પદ્યો છે. આ દ્રવ્યાનુયોગનો ઉત્તમ ગ્રંથ છે. એટલે એનો ગુજરાતી અનુવાદ સ્પષ્ટીકરણપૂર્વક તૈયાર કરી છપાવવો જોઇએ. જો યોગ્ય પ્રકાશક મળે તો આ કાર્ય કરવા હું તૈયાર છું. આ કૃતિનો પરિચય મેં **અનેકાન્તજયપતાકા**( ખંડ ૨ )ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત( પૃ. ૨૫-૨૬ )માં આપ્યો છે. એથી અહીં તો આ કૃતિની ગા. ૧૧૫૯ માં જે **રેવણાઇક૦વ**-નો નિર્દેશ છે તેની જ નોંધ લઉં છું.

**ધર્મસંગ્રહ-માન**વિજયગણિએ વિ. સં. ૧૭૩૮ માં **ધર્મસંગ્રહ** રચ્યો છે, એના ઉપર સ્વોપજ્ઞ ટીકા છે.

**કમ્મપયડિસંગહણી**-શિવશર્મસૂરિએ જે **કમ્મપયડિ ( કર્મપ્રકૃતિ )** રચી છે જેનો **પણ્ણવણાની** ટીકા નામે **પ્રદેશવ્યાખ્યા** (પત્ર ૧૪૦)માં **કમ્મપયડિ સંગહણી** તરીકે અને આ ટીકા( પત્ર ૧૨૯ )માં **કર્મપ્રકૃતિ સંગહણિકા** તરીકે ઉલ્લેખ કર્યો છે.

દેવેન્દ્રસૂરિએ **સયગ** નામના પાંચમા કર્મગ્રંથ-( ગા. ૧૨ )ની સ્વોપજ્ઞ ટીકામાં **કર્મપ્રકૃતિ સંગ્ર**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હણીનો ઉલ્લેખ કર્યો છે એટલું જ નહિ પણ એક [1]અવતરણ પણ આપ્યું છે.

ચિરંતનાચાર્યકૃત **સિત્તરિની** [2]ચુણ્ણિ( પત્ર ૬૧ આ, ૬૨ આ, ૬૩ આ, ૬૪ આ અને ૬૫ અ )માં **કમ્મપયડિ સંગહણી** એવા નામ નિર્દેશપૂર્વક પ્રસંગોપાત્ત આવતો જોવા માટે એની ભલામણ કરાય છે.

**સંગ્રહણી ગાથા વિયાહપણ્ણત્તિ**માં કેટલીક વાર **પદ્યો** જોવાય છે. દા. ત. સ. ૧, ઉ. ૧, સુ. ૧૪ ના અંતમાં **બંધોદય**થી શરૂ થતી ગાથા છે. અભયદેવસૂરિએ આની ટીકા( પત્ર ૨૮ આ )માં આને ' **સંગ્રહણી ગાથા** ' કહી છે.

આ **વિયાહપણ્ણત્તિ**માં કયા **સયગ**માં કેટલા ઉદ્દેસગ( સં. ઉદ્દેસક ) છે અને એ દરેકનો વિષય શો છે તેને લગતાં પદ્યો નજરે પડે છે. જેમકે બીજા સયગના પ્રારંભમાં એક ગાથા છે. એ દ્વારા આ સયગના દસ ઉદ્દેસગના અધિકારોનું સૂચન છે. આ પ્રકારની ગાથાઓ પણ ' સંગ્રહણી ગાથા ' ગણાય. **પણ્ણવણા**( પય ૫૬ )ની શરૂઆતની ગાથાને ' સંગ્રહણી-ગાથા ' કહી છે.

**પ્રકાશનો**—આ પ્રમાણે અહીં જે વિવિધ **સંગહણી** ગણાવાઇ છે તે પૈકી ઘણીખરી પ્રસિદ્ધ થયેલી છે. જેમકે જિનભદ્રીય **સંગહણી** માનચંદ વેલચંદે સુરતથી વિ. સં. ૧૯૭૨માં છપાવી છે. મલયગિરિસૂરિકૃત ટીકા સહિત આ મૂળ કૃતિ " **જૈન આત્માનંદ સભા** " તરફથી વિ. સં. ૧૯૭૩ માં પ્રકાશિત થઇ છે, આ કૃતિની ૭૩ મી ગાથાની ટીકામાં **મલયગિરિસૂરિ**એ આ કૃતિના મૂલ ટીકાકાર તરીકે હરિભદ્રસૂરિનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે એ વાત ફલિત થાય છે કે આ **સંગહણી** ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી હતી અને એ ટીકા મલયગિરિસૂરિને મળી હતી. " જેસલમેર-જૈન ભાંડાગારીય ગ્રંથ સૂચિપત્ર "( પૃ. ૩૪ )માં જે ૧૪૦ પત્રની '**હારિભદ્રી**' **સંગ્રહણીવૃત્તિ** નોંધાયેલી છે તે **યાકિની** મહત્તરાના ધર્મપુત્ર **હરિભદ્રસૂરિ**ની નહિ, પરંતુ વિ. સં. ૧૧૮૫માં **પ્રશમરતિ**ની વૃત્તિના કર્તા તેમજ **મુનિપતિચરિત** વગેરેના પ્રણેતા **હરિભદ્રસૂરિ** સંભવે છે એમ આ સૂચિપત્રના પરિચય( પૃ. ૩૪ )માં ઉલ્લેખ છે. આ હકીકત સત્ય હોય તો આપણે સુપ્રસિદ્ધ **હરિભદ્રસૂરિ**ની વૃત્તિ ગુમાવી છે એટલે એની અન્યત્ર તપાસ થવી ઘટે.

શ્રીચન્દ્રીય **સંગહણી** યાને **સંગહણીરયણ** એ મૂળ કૃતિ **ભીમસી** માણેકે ઇ. સ. **૧૯૦૩**માં છપાવી છે. આ મૂળ **દેવભદ્રકૃત વૃત્તિ સહિત** દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૫માં છપાયું છે. દેવભદ્રે વૃત્તિમાં જે ગ્રંથકારોનો ઉલ્લેખ કર્યો છે તેના નામ પ્રો. **વેલણકરે** BBRASના એમના સૂચિપત્ર(ક્રમાંક **૧૬૮૨**)માં આપ્યા છે.

આ મૂળ કૃતિ સંસ્કૃત છાયા તેમજ ગુજરાતી શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ સહિત " મુક્તિ-કમલ જૈન મોહનમાલા " તરફથી ઇ. સ. ૧૯૩૯ માં છપાવાઇ છે. અનુવાદક તરીકે મુનિ શ્રી યશોવિજયનું નામ છે. " શ્રી બૃહત્સંગ્રહણીસૂત્રમ્ " અથવા જૈન ખગોળ આ નામથી છપાયેલ આ પુસ્તકમાં ૭૦ રંગબેરંગી ચિત્રો છે. વળી એમાં અનેક યન્ત્રો છે. અંતમાં ગુજરાતી ભાવાર્થ સહિત મૂળ છે. ત્યાર બાદ **दंडक** એમ ત્રણ નાગરી મોટા અક્ષરો કે જેનાં માથાં લીટીમાં બાંધ્યા છે એમાં લાલ શાહીમાં ગજસારકૃત **દંડગપયરણ** અપાયું છે.

**દંડગપયરણ** મૂળ **ભીમસી** માણેકે **લઘુપ્રકરણ-**

---

૧ આ રહ્યું એ અવતરણઃ " **आहारग तित्थगरा भज्जत्ति** " આ **કમ્મપયડિ**ના ' સત્તા ' અધિકારના નવમા પદ્યના ઉત્તરાર્ધનો પ્રારંભિક ભાગ છે. **સયગ** અને સાથે સાથે **સિત્તરિ**ના સંપાદક મહાશયે આ અવતરણના મૂળનો નિર્દેશ કર્યો નથી. એનું શું કારણ ? શું **કમ્મપયડિ** તે જ **કર્મપ્રકૃતિ-સંગ્રહણી** જ છે એ એમની જાણ બહાર હશે ? શું **કમ્મપયડી**થી એઓ **પૂરેપૂરા** પરિચિત નહિ હશે ?

૨ મુક્તાબાઇ જ્ઞાનમંદિર ( ડભોઇ ) તરફથી વિ. સં. ૧૯૯૯માં આ ચુણ્ણિ મૂળ તેમજ અંતરભાસ( અંતર્ભાષ્ય ) સહિત છપાવાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતાની ભવાઇ.

સાંજનો સમય હતો. સાતેક વાગ્યા હતા. ઉપાશ્રયની ગલેરીમાં, હું ઊભો ઊભો મનોહર સંધ્યાનું દર્શન કરતો હતો. કુદરતની લીલા, આકાશમાં કોઇ અલૌકિક રીતે જામી હતી. રંગ તો આકાશમાં છૂટે હાથે વેરવામાં આવ્યો હતો. કુદરતના ભંડારમાં રંગની ક્યાં ખોટ છે? સંધ્યાની એ ભવ્ય રંગલીલા જોઇ, મારું હૈયું નાચી ઊઠયું.

એ જ સમયે મારી નજર એક દૃશ્ય પર પડી. કદી ન ભૂલાય એવું એ દૃશ્ય હતું. સહૃદયી માનવીના આનન્દને ચૂસી લે એવું એ દૃશ્ય હતું. એ દૃશ્યમાં માનવતાની ભવાઈ હતી. એમાં વિધિનું ક્રૂર અટ્ટહાસ્ય હતું!

એક બાઇએ, એઠવાડ કાઢી, વધેલાં રોટલાનાં ચાર ટૂકડાં ઓટલા પર ફેંક્યાં. એ જોઇ, ભૂખ્યાં કૂતરાં એ ટૂકડાઓ પર ત્રાટકી પડ્યાં. તે જ ક્ષણે એક કાળભૂખ્યો માનવી, ધસી આવ્યો. એના પેટમાં ભૂખના ભડકા થઇ રહ્યા હતા. ભૂખનો માર્યો એ ગીધડાની જેમ ભમી રહ્યો હતો. એણે કૂતરાંઓને ટૂકડાં ખાતાં જોયાં અને એ એકદમ સમળીની જેમ ત્યાં પહોંચી ગયો. પોતાની ફાટેલી ટોપીવતી એક ઝડપ મારી, બે ટૂકડાં, એણે પડાવી લીધાં. એ ટૂકડાં કૂતરાનાં એઠાં હતાં. અર્ધાં ચવાઇ ગયેલાં હતાં. કૂતરાં, એના પર ધસે એ પહેલાં તો એણે એ ટૂકડાં મોંમાં મૂકી દીધાં. જાણે નૂતન જીવન ન મળ્યું હોય, તેમ મલકાતો એ ચાલતો થયો. એ આગળ ચાલતો હતો એની પાછળ શેરીનાં કૂતરાં હતાં.........ભસ્, ભસ્ ને ભસ્.

કૂતરાં ખૂબ ભસતાં હતાં તેમ તે કાળભૂખ્યો માનવી ખૂબ હસતો હતો!

કૂતરાં, માનવીની આ ભવાઇ જોઇ ભસતાં હતાં, એની ક્રૂર અવહેલના જોઇ ભસતાં હતાં.

ભૂખ્યો માનવી, માનવજાતની આ અનાથ નિર્ધનતા જોઇ, હસતો હતો. એ કહેતો હતો:

ઓ હીનકર્મી માનવ! તારે માટે આજે સંસારમાં ક્યાંયે સ્થાન નથી. પશુઓ માટે પાંજરાપોળ, પણ તારા માટે તો તે પણ નથી!

ભસવામાં હસવું–ને–હસવામાં ભસવું તે આનું નામ!

**ચન્દ્રપ્રભસાગર** (ચિત્રભાનુ)

---

**સંગ્રહમાં** ઇ. સ. ૧૯૦૩ માં છપાવ્યું છે. રૂપચન્દ્રકૃત ટીકા સહિત આ મૂળ વેણીચંદ સૂરચંદે મહેસાણાથી ઇ. સ. ૧૯૧૬માં અને જૈ. આ. સભાએ વિ. સં. ૧૯૭૨ માં છપાવેલ છે. મૂળ સંસ્કૃત છાયા, ગુજરાતી શબ્દાર્થ, ગાથાર્થ અને વિસ્તરાર્થ તેમજ સ્વોપજ્ઞ અવચૂર્ણિ અને રૂપચન્દ્રકૃત ટીકા સહિત શેઠ માણેકલાલ મનસુખભાઇએ ઇ. સ. ૧૯૨૭માં છપાવ્યું છે.

**જંબુદ્દીવસંગહણીનું** મૂળ ભીમસી માણેકે ઇ. સ. ૧૯૦૮ માં છપાવ્યું છે. પ્રભાનંદસૂરિકૃત ટીકા સહિત આ મૂળનું પ્રકાશન જૈ. ધ. પ્ર. સભાએ ઇ. સ. ૧૯૧૫ માં કર્યું છે.

**પણ્ણવણાતઇયપયસંગહણી**ના મૂળની ૧૩૩ ગાથા અજ્ઞાતકર્તૃક સંસ્કૃત અવચૂરિ સહિત જૈ. આ. સભા તરફથી વિ. સં. ૧૯૭૪માં પ્રસિદ્ધ થઇ છે. આનું નામ **પ્રજ્ઞાપનોપાંગ તૃતીયપદ સંગ્રહણી** રખાયું છે.

આ પ્રમાણે 'સંગહણી'ને લગતો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે. એટલે એમાં જે ન્યૂનતા રહી જતી હોય તે સપ્રમાણ સૂચવવા વિશેષજ્ઞોને વિનવતો વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંકા અને સમાધાન.

**સમાધાનકારઃ—જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા.**

**( પ્રશ્નકારઃ—ભાવનગરવાલા શા. ફત્તેહચંદ ઝવેરભાઇ-મુંબઇ. )**

**શં.** ઓળીના દિવસોમાં અસજ્ઝાય નવરાત્રિના દિવસો અંગે છે કેમ?

**સ.** ના, પરંતુ તે ઇન્દ્ર મહોત્સવ અંગેની છે એમ શાસ્ત્રોમાં છે.

**શં.** શ્રુતકેવલી અસંખ્ય ભવોની હકીકત કહી શકે?

**સ.** અતિશાયી શ્રુતકેવલી કહી શકે છે.

**શં.** પરિશિષ્ટ પર્વ, ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર સાથે બનાવેલું છે?

**સ.** પાછળથી.

**શં.** વીર પરમાત્મા બે વર્ષ શ્રી નંદીવર્ધનજીના આગ્રહથી રહ્યા તે વખતે ગુણઠાણું કયું? ( ભાવસાધુ તરીકે હતા તેથી )

**સ.** વ્યવહારથી પાંચમે ગુણસ્થાનકે કહેવાય કેમકે સકલ સચિત્તના પરિહારપૂર્વક પોતાના નિમિત્તે બનાવેલું ભોજન પણ લેતા ન હતા. ભાવ વિશેષે છઠ્ઠા સાતમા ગુણસ્થાનકને સ્પર્શી લે તેવો પણ સંભવ ખરો અને તે ટાઇમે ભાવસાધુ પણ કહી શકાય.

**શં.** સમ્યગ્દર્શની દેવ ભાવચારિત્રી ( ચારિત્રની ભાવનાવાલા ) હોય તો ભાવથી તેમને ચોથાથી આગળનું ગુણઠાણું કેમ ન ફરસે?

**સ.** જો ચારિત્રની ભાવના રાખવા માત્રથી ચોથા ગુણસ્થાનકથી આગલના ગુણસ્થાનકને સ્પર્શી શકતા હોત તો પછી કેવલજ્ઞાન અને યથાખ્યાત ચારિત્રની ભાવના રાખનારાઓને તેરમું ગુણસ્થાનક અને શૈલેશીકરણની ભાવના રાખનારને ચૌદમું ગુણસ્થાનક સ્પર્શી શકત પણ એમ બનતું નથી, પરંતુ ચારિત્રાવરણીયની તે તે પ્રકૃતિઓના ક્ષયોપશમથી, યા ક્ષયથી, યા ઉપશમથી તે તે ગુણસ્થાનકે જઇ શકાય છે. દેવોમાં ચારિત્રની ભાવના હોવા છતાંય અપ્રત્યાખ્યાનાવરણીય કષાયથી માંડી ઉપરના બધા કષાયો હયાત હોવાથી ચોથા ગુણસ્થાનથી ઉપર ચઢી શકાતું નથી. એટલે ભાવથી અને દ્રવ્યથી સમકિતદૃષ્ટિને ચોથું ગુણસ્થાનક કહેવાય.

**શં.** '**चलेमाणे चलिये**' વગેરે નવ સૂત્રો કર્મને અંગે છે તો જમાલિએ સંથારા માટે કેમ લાગુ પાડ્યા?

**સ.** '**चलेमाणे चलिये**' આદિ નવ સૂત્રોની વ્યાખ્યા ભગવતીજી સૂત્રમાં કર્મ આશ્રિત તેટલા માટે કરી છે કે કર્મ ક્ષય થતાં મોક્ષ મળે છે અને તે જ ઉપાદેય છે એટલે મુખ્ય ઉપાદેયને મહામંગલકારી માની મહામંગલરૂપે પહેલા આ સૂત્રની શરૂઆત કરાય છે. ઇત્યાદિ વર્ણન કરી મોક્ષ ઉપાદેયને સાધવાના જ પ્રયત્નો પ્રાણી કરે, મોક્ષમાં એકતાન બની જાય ઇત્યાદિ હેતુઓને લઇ કર્મ આશ્રિત વ્યાખ્યા કરવામાં આવી છે **પણ તે સૂત્ર દરેક કાર્યમાં લાગુ થઇ શકે છે** અને તેટલા જ માટે જમાલીને જવાબ આપતાં પટની ઉત્પત્તિ આદિના દૃષ્ટાન્તો અપાય છે એટલે જમાલી તે સૂત્રને સંથારા સાથે ઘટાવે તોયે અનુચિત નથી; માત્ર પ્રભુવચનને નયોની અપેક્ષાએ ન સમજ્યો તે જ અનુચિત કહેવાય.

**શં.** પ્રભુપ્રતિમા આકારનું મત્સ્ય જોઇને કોઇને જાતિસ્મરણ જ્ઞાન થાય છે?

**સ.** ઘણાને જાતિસ્મરણ જ્ઞાન થયાં છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ અનસન કરીને દેવલોકમાં ગયા છે, પરંતુ વધારે આ પ્રસંગ માછલાઓને જ બન્યો છે.

**શં.** અલોકાકાશમાં દ્રવ્ય અને ગુણપણું છે પણ પર્યાયપણું શી રીતે ઘટી શકે?

**સ.** ગુણ પણ પર્યાયો કહેવાય છે. જ્યાં ગુણ હોય ત્યાં પર્યાયો હોય જ. પર્યાય વગર કેવલ ગુણ હોતા નથી તેમ ગુણ વગર કેવલ પર્યાય પણ હોતા નથી. તે બેથી શૂન્ય દ્રવ્ય પણ હોતું નથી અને દ્રવ્યથી શૂન્ય તે બે નથી હોતાં માટે જ્યાં જ્યાં દ્રવ્ય હોય ત્યાં ગુણ અને પર્યાય પણ હોય છે.

**શં.** સ્થિરાદષ્ટિમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તો ઉપદેશમાં માત્ર શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધારૂપ માત્ર કારણ કેમ દર્શાવાય છે? દૃષ્ટિઓની વ્યાખ્યા સમ્યક્ત્વપ્રાપ્તિને અંગે કેમ ખાસ અપાતી નથી? યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરેનું પાલન દૃષ્ટિઓને અંગે થાય છે તો તે જાતનું અનુષ્ઠાન પ્રચલિત કેમ નથી?

**સ.** શુદ્ધ દેવગુરૂ અને ધર્મની માન્યતા અને તે શુદ્ધ દેવકથિત તત્ત્વની શ્રદ્ધા હોય ત્યાં સ્થિરાદષ્ટિ હોય જ એટલે ધૂમથી અગ્નિના અનુમાનની જેમ શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મના શ્રદ્ધાના હેતુથી સ્થિરાદષ્ટિ સાધ્ય છે એટલે તેની મુખ્યતા રાખી છે.

**શં.** અગુરુલઘુ પર્યાય અને અગુરુલઘુત્વ શક્તિમાં શું ફેર?

**સ.** શાબ્દિક ભેદ છે. અર્થભેદ નથી.

**શં.** દરીઆના પાણીમાં પુરા હોય?

**સ.** એનો અનુભવ નથી, ક્ષાર બાધક થતા હોવાથી કદાચ ન પણ થતા હોય. નિશ્ચય જોયા વગર કહી શકાય નહિ.

**શં.** પુણ્યાનુબંધી પાપ મોક્ષ માટે સાધનભૂત થાય? જિનમંદિર કરાવવામાં ષટ્કાય જીવની હિંસા છે તે પુણ્યાનુબંધી પાપ ગણાય?

**સ.** મોક્ષના માટે નિર્જરા અને સંવર આ બે તત્ત્વો છે જ્યારે પુણ્યાનુબંધી પાપ આશ્રવ તત્ત્વ છે એટલે તે કોઇ રીતે મોક્ષનું કારણ બની શકે નહિ, પરંતુ પુણ્યાનુબંધી પાપથી વિવેકને સ્થાન મળે અને તે નિર્જરા અને સંવર તત્ત્વો તરફ પ્રયાણ કરે તો પરંપરાએ કોઇ વખત કારણ બની શકે. ષટ્કાયની હિંસા હોવા છતાં તેને પુણ્યાનુબંધી પુણ્યમાં ગણવું જોઇએ. વલી જિનમંદિર બનાવવામાં જે હિંસા છે તે સ્વરૂપ હિંસા છે. અનુબંધ હિંસા નથી એટલે પરંપરાએ નિર્જરાનું પણ કારણ જિનચૈત્ય સમારંભ હોઇ શકે.

**શં.** શ્રી નેમનાથ ભગવાનનો કાળો રંગ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુનો નીલરંગ તે શુભ કર્મપ્રકૃતિ કે અશુભ?

**સ.** ભગવંતોના ગમે તે રંગના શરીરો હોય તો પણ તે બધા શુભ પ્રકૃતિમાં જ ગણાય.

**શં.** 'ત્રિશલા માત મલ્હાર' એમાં 'મલ્હાર' શબ્દનો અર્થ શો? અને તે શબ્દ ફારસી છે કે ગુજરાતી?

**સ.** મલ્હાર એટલે પ્યારા અને તે શબ્દ જૂની ગુજરાતીનો હોય એમ લાગે છે.

**શં.** અરૂપી અલોકાકાશને ઉપાધિરૂપ પર્યાયો કયા ગણાય? લોકાકાશને તો ઘટાકાશ વગેરે છે.

**સ.** વસ્તુના અભાવે તેમાં ઘટાકાશ, મઠાકાશ પર્યાયો ન પણ હોય તો પણ સંભવથી છે.

**શં.** સિદ્ધાર્થરાજા અને ત્રિશલામાતા કયા દેવલોકમાં ગયા છે?

**સ.** આવશ્યક સૂત્રના અભિપ્રાયથી ચોથા દેવલોકમાં અને આચારાંગસૂત્રના મતથી બારમા દેવલોકમાં ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

# મહાન વિભૂતિની પ્રતિતી અને મહુવા સુરેન્દ્રનગરના ચમત્કારો.



બાળબ્રહ્મચારી, શાસનદિવાકર આચાર્ય શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજશ્રી પોતાના જન્મસ્થાને ને જન્મદિવસે મહુવામાં સંવત ૨૦૦૫ ની દીવાળીના રાત્રિના કાળધર્મ પામ્યા હતા. આ સ્થાને એક ચમત્કાર ગઇ સાલના આસો વદી ૧૦ તા. ૫–૧૧–૫૦ ના સાંજથી આચાર્યદેવ કાળધર્મ પામ્યા તે જગ્યાએ પગલા સ્થાપવામાં આવ્યા છે તેમાંથી બારણામાંથી અમીના બિંદુઓ વ્હેવા લાગ્યા. તેની વધારે ખાત્રી કરવા બીજે દિવસે પૂજાના ટાઇમે પખાલ કરી બારીકાઇથી સાફ કરાવવામાં આવ્યું. આ અમીનો પ્રવાહ ચાલુ હતો. આ પ્રવાહ આસો વદ ૦)) તે ટાઇમે જ આચાર્યશ્રી કાળધર્મ પામ્યા હતા તે ટાઇમ સુધી ચાલુ રહ્યો. આ અમીના ઝરણા બને તેટલા લઇ લેવા અંગલુણા મૂકવામાં આવેલ જે એક વાસણમાં નીચોવી એકત્ર કરી તેમાંથી અત્રે તેમજ સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, વેરાવળ વિગેરે સ્થાને એ લઇ જવામાં આવ્યા હતા. આ ચમત્કાર જોઇ દરેક આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા. ઉપરાંત શ્રીયુત ફુલચંદભાઇ કે જે આચાર્ય ભગવાનના અનન્ય ભક્ત તેને સ્વપ્ન આવતા મહુવા આવ્યા અને એક કોડીયામાં પાશેર ઘી પૂરી જ્યોત પ્રગટાવી હતી. આ કોડીયામાં જે ઘી પુરેલ તે ૪૮ કલાક સુધી જરા પણ ઘટ્યું ન હતું. બાદ ધીરે ધીરે ઓછું થતું ગયેલ. આ પણ એક વિસ્મય પમાડે તેવો ચમત્કાર કહેવાય. આ બાળબ્રહ્મચારી આચાર્યશ્રીના સ્વર્ગવાસ સ્થાને થતા જનસમૂહ વધારે શ્રદ્ધાની નજરે નીહાળી રહેલ છે. વિશેષ આ. શ્રી દર્શનસૂરિજી તથા શ્રી વિજયઉદયસૂરિજી તથા આ. શ્રી વિજયનંદનસૂરિજી ઠાણાઉઠાણા કરી સુરેન્દ્રનગર રાયચંદ અમુલખભાઇને ત્યાં પધાર્યા. ત્યાં પાટ ઉપર બેસી વ્યાખ્યાન વાંચતા હતા દરમ્યાન વૃદ્ધ સાધ્વી શ્રી હરકોરશ્રીજી મહારાજે શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજીને પોતાની સન્મુખે પાટ ઉપર બેઠેલા દેખ્યા, અને આચાર્ય મહારાજ બોલ્યા કે–આગલા ભવે હું તમારો ગુરુ હતો. આ ભવે તમે મારા ગુરુ થયા અને જરમન સીલ્વરના ત્રણ વાટકા કેશર ભરેલા જોયા અને બોલ્યાં–કેશરના છાંટણા શ્રી સંઘને, સાધુ મહારાજ અને ત્રીજામાંથી સાધ્વી મહારાજને કરવા. વદ ૧ ના રોજ સાંજના ગામમાં અગાસીઓમાં છાંટણા થયા જેથી સર્વેને આશ્ચર્ય થયું છે, જેથી સદ્‌ગત આચાર્યશ્રી માટે જનતામાં વધારે શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે. ( મળેલું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના છેલ્લા ગઇ સાલના રિપોર્ટ સંબંધે ભાવનગર સમાચાર અને શ્રી શામળદાસ કોલેજના પ્રીન્સીપાલ સાહેબે આપેલો અભિપ્રાય.

**પ્રાચીન પુસ્તક પ્રકાશનની અત્રેની એક સંસ્થા**

**જૈન આત્માનંદ સભા : ભાવનગર**—(૫૭ માં વરસનો અહેવાલ) પ્રકટકર્તાઃ ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ, શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ અને શેઠ જાદવજી ઝવેરભાઈ.

જૈન આત્માનંદ સભાનો ૫૭ મા વરસનો અહેવાલ મળ્યો છે. આ સભા છેલ્લાં ઘણાં વરસથી જૈન ગ્રંથ સાહિત્યદ્વારા ગુજરાતી વાઙ્મયની સેવા કરે છે, એ, સભાએ પ્રકટ કરેલાં પુસ્તકો ઉપરથી સહજ જણાઇ આવે છે. અત્યાર સુધી સભાએ નાના મોટા પૂર્વાચાર્યોરચિત પ્રાકૃત સંસ્કૃત ૯૧ ગ્રંથો પ્રકટ કર્યાં છે. જ્યારે ગુજરાતી ભાષાના ૮૮ ગ્રંથો પ્રકટ કર્યા છે, આ ઉપરાંત બીજી સીરીઝોમાં પણ આ બે પ્રકારના મુખ્ય પ્રકાશનોને આનુષંગિક બીજાં પ્રકાશનો થાય છે. પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથો સાક્ષરવર્ય પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થાય છે. અત્યારે ગુર્જર વિદ્વાનમંડળમાં પુણ્યવિજયજી મહારાજ પ્રમાણભૂત વ્યકિત છે. સંસ્કૃત, અર્ધમાગધી અને પ્રાચીન ગુજરાતીનું એમનું જ્ઞાન અને અવગાહન ઊંડા પ્રકારનાં છે. સાથે સાથે વિદ્વાન મુનિ જંબુવિજયજી મહારાજની પણ સભાને ઉત્તમ સહાય્ય છે. થોડાં વરસો પહેલાં જૈન દૃષ્ટિએ ઇતર સાહિત્ય પ્રવૃત્તિ તરફ જૈન સાધુઓ ઉદાસીનતા ધરાવતા હતા, પરંતુ છેલ્લા બે ત્રણ દાયકાથી જૈન સાધુઓએ ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ માટે જે પરિશ્રમ કર્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આ વર્ગ જો પુરોગામી વિચારોને વળગી રહ્યો હોત તો અત્યારે દ્રવ્યની સુલભતા છતાં પણ આત્માનંદ સભા કથારત્નકોષ, વસુદેવ હિંડી (ભાષાન્તર), તત્વનિર્ણયપ્રાસાદ, સતી દમયન્તી ચરિત્ર, પાર્શ્વનાથ ચરિત્ર, જેવા ઐતિહાસિક અને સામાજિક અન્વેષક આકર ગ્રંથો પ્રકટ ન કરી શકી હોત એમ અમને લાગે છે.

ઘણી ધાર્મિક સંસ્થાઓ પ્રારંભમાં કે થોડાં વર્ષ ઉત્સાહમાં કામ કરી જ્યાં ત્યાંથી આર્થિક પ્રોત્સાહન મેળવી કામ કરે છે પરંતુ આખરે કાર્યકરનારાઓના પ્રમાદ કે અવ્યવસ્થાના પરિણામે આ સંસ્થાઓ ભૂમિશાયી બને છે. પણ આત્માનંદ સભાના કાર્યવાહકો, પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યો ઉત્સાહી, ધાર્મિક સાહિત્યના પ્રકાશનમાં શ્રદ્ધા ધરાવનારા, નિઃસ્વાર્થી અને નિર્લોભી વૃત્તિવાળા છે. પરિણામે સભાનું ભંડોળ લગભગ પોણા બે લાખ ઉપરાંતનું થયું છે જેમાં લગભગ લાખેક રૂપીયાની રકમ મકાનોમાં–ઉત્પાદક રીતે રોકવામાં આવી છે. અને ચાળીસેક હજારની રકમ સદ્ધર જામીનગીરીમાં રોકવામાં આવી છે. જ્યારે બાકીની રકમ લાયબ્રેરી, છાપખાનાં, પુસ્તકો વગેરેમાં રોકાયેલ છે. કોઇ પણ એવું નથી કે અયોગ્ય રીતે રોકાયું હોય. અને તેનો યશ સભાની છેલ્લાં ચાળીશ વર્ષથી અનાસકિતપૂર્વક સેવા કરતા માનદ્ મંત્રી ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસભાઇને, શેઠ ગુલાબચંદ આણંદજીને અને શેઠ અમૃતલાલ છગનલાલ વગેરે ઉત્તરાવસ્થાને આરે પહોંચેલ ઉત્સાહી ગૃહસ્થોને ઘટે છે. (**ભાવનગર સમાચાર**–તા. ૨૫–૧૧–૫૦)

---

## જૈન આત્માનંદ સભા–એક સૂચન.

(લેખકઃ—**પ્રતાપરાય મો. મોદી**)

'ભાવનગર સમાચાર' ના છેલ્લા અંકમાં **જૈન આત્માનંદ સભા**(ભાવનગર)નો જે ઇતિહાસ (પ્રશસ્તિ નહિ, કેમકે તેમાં પ્રશંસા નથી) આપવામાં આવ્યો છે તે અતિશયોકિત વગરની હકીકત છે. આ સંસ્થા અમૂલ્ય હસ્તપ્રતોનો સારો સંગ્રહ ધરાવે છે, જેની કિંમત મારા જાણવા પ્રમાણે રૂા. એક લાખથી વધારે છે. આ સંસ્થાના પુસ્તકાલયમાં જૈનેતર સંસ્કૃત ગ્રન્થો પણ સારી સંખ્યામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસ્થાના પ્રકાશનોની સુંદર નોંધો અમેરિકાના Journal of the American Oriental Society માં પણ આવી છે. ભાવનગરના M. A. ના વિદ્યાર્થીઓ આ સંસ્થાના પુસ્તકાલયમાંથી અર્ધમાગધીના પુસ્તકો સુખેથી મેળવી શકે છે. પુસ્તકાલય, હસ્તપ્રત સંગ્રહ, ઉચ્ચકક્ષાનાં પ્રકાશનો, મકાન, પ્રકાશન ફંડો, આશ્રયદાતા વગેરેનું સભ્ય મંડળ, કાર્યવાહક કમિટી, સદ્દર જામીનગીરીવાળું ભંડોળ, વ્યાખ્યાન ખંડ (જેની સાથે શેઠ શ્રી ભોગીલાલભાઇનું નામ જોડાયું છે), વગેરેથી અનેક રીતે આ સભાને પૂનાના સર ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ તથા અમદાવાદના શેઠ ભોળાનાથ જેસીંગભાઇ રીસર્ચ ઇન્સ્ટીટયુટ સાથે ઠીક સરખાવી શકાય. હવે, જો અર્ધમાગધીના એમ. એ. સુધીના શિક્ષણની વ્યવસ્થા આ સભા કરે તો સૌરાષ્ટ્રના વિદ્યાક્ષેત્રમાં એક મહાન આવશ્યકતાની પૂર્તિ થાય. ખેમ્બે યુની.ના અભ્યાસક્રમમાં સંસ્કૃત તુલ્ય જ સ્થાન અર્ધમાગધી તથા પાલિનું છે. ભાવનગરમાં અર્ધમાગધીના વિદ્યાર્થીઓ મળવા દુર્લભ નથી. આપણે ત્યાં જૈન આત્માનંદ સભા જેવી જ બીજી સંસ્થા "જૈનધર્મ પ્રસારક સભા" છે, અને પ્રકાશનનું કાર્ય સારું કરી રહેલી હતી "યશોવિજય ગ્રન્થમાળા" પણ છે. જૈનધર્મ પ્રસારક સભાના માનનીય પંડિત જગજીવનદાસ, સામળદાસ કોલેજના M. A ના અર્ધમાગધી( subsidiary )ના વિદ્યાર્થીઓને ઘણા વર્ષોથી નિઃસ્વાર્થભાવે કેવળ વિદ્યાવ્યાસંગથી જ અર્ધમાગધી ગ્રંથોનું અધ્યાપન કરાવે છે, એ વાતનો નિર્દેશ અત્રે અનુચિત નથી.

(**ભાવનગર સમાચાર** તા. ૨-૧૨-૫૦)

---

**પાલણપુર**—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ અનેક સ્થળે ઉપકાર કરતાં કરતાં અમારા સદ્ભાગ્યે અત્રેના શ્રીસંઘે આચાર્ય ભગવાનને ચોમાસા માટે અત્યંત આગ્રહભરી વિનંતી કરી. અત્રેના સંઘનો ઉત્સાહ અને ધર્મજાગૃતિ જોઇ આચાર્યશ્રીજીએ વિનતિ સ્વીકારી અને આ. મહારાજશ્રી વિજયકસ્તુરસૂરિ, પં. શ્રી સમુદ્રવિજયજી, પં. શ્રી પૂર્ણાનંદવિજયજી આદિ ૧૫ ઠાણા સાથે ચાતુર્માસની સ્થિરતા કરી. ચોમાસામાં આચાર્ય ભગવાન આંખમાં મોતિયો હોવા છતાં સ્વયં દેશના આપતા રહ્યા, જેમના અખંડ ચારિત્ર અને દેશનાના પ્રભાવથી અનેક કાર્યો થયાં.

પૂ. આચાર્ય મહારાજશ્રીની ડાબી આંખનો મોતિયો પાકી ગયેલો હોવાથી અત્રેના સંઘની ભાવના મોતિયાનું ઓપરેશન પાલણપુરમાં જ કરાવવાની થવાથી આ સેવાનો લાભ આપવા નગરશેઠ ચમનભાઇ આદિ શ્રીસંઘે પૂજ્યપાદને નમ્ર પ્રાર્થના કરી અને મુંબઇથી ડો. હીરાભાઇ પટેલને બોલાવી ઓપરેશન કરવાનો દિવસ નક્કી કર્યો અને નગરશેઠ શ્રી ચમનભાઇ મંગળજીભાઇની કચેરીના મેડા ઉપર શેઠશ્રીની વિનંતિથી મહારાજશ્રી પધાર્યા અને ત્યાં આસો વદ ૯ શનિવાર તા. ૪-૧૧-૫૦ ના રોજ મુંબઇથી ડો. હીરાભાઇ પટેલે આવી બપોરના ૧ વાગે આચાર્ય ભગવાનની ડાબી આંખના મોતિયાનું ઓપરેશન સફળતાપૂર્વક કર્યું. મુંબઇ વસતા અત્રેના સદ્ગૃહસ્થોમાંથી ઘણાખરા અત્રે આવી આચાર્યશ્રી સાહેબની સેવામાં હાજર થયા હતા.

તેમજ અત્રેના ચતુર્વિધ સંઘમાં તે દિવસે આયંબિલ આદિ ઘણી તપસ્યાઓ થઇ હતી. મારવાડ તથા પંજાબમાં પણ ઓપરેશનના નિયત દિવસની જાણ છતાં ઘણાખરા ગામોમાં આયંબિલની તપસ્યા કરવાના સમાચાર મળ્યા હતા. તથા ઓપરેશનની સફળતા ઇચ્છતા અનેક તારો અને કાગળો મુંબઇ, પંજાબ, મારવાડ, ભાવનગર આદિ શહેરોથી આવ્યા હતા. શ્રીજીના ભક્તોની તપસ્યા તેમજ શાસનદેવની સહાયતાથી ઓપરેશન નિર્વિઘ્નપણે ફતેહમંદ નિવડયું છે અને આંખ સ્વચ્છ થઇ છે. નવી સાલના મંગલમય પડવાના દિવસે પાટો ખોલી નાખવામાં આવ્યો છે. તે દિવસે પૂ. મહારાજશ્રીએ પ્રભુનાં દર્શન પણ કર્યાં છે. અને હવે દિવસે દિવસે આંખ સુધારા ઉપર છે. અત્રેના સંઘની ભાવના સફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી સંઘ તરફથી દહેરાસરોમાં આંગીઓ રચાવવામાં આવી હતી, અને પૂજા ભણાવવામાં આવી હતી.

પૂ. આચાર્ય ભગવાનનો કાર્તિક સુદી ૨ નો જન્મદિવસ હોવાથી તપગચ્છના ઉપાશ્રયે આ. મહારાજશ્રી વિજયકસ્તુરસૂરિની અધ્યક્ષતામાં આચાર્ય ભગવાનની ૮૧ મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજીએ તથા મુનિ શ્રી જનકવિજયજીએ, મુનિશ્રી કુન્દનવિજયજી તથા પાઠશાળાના બાળકો તથા બાલિકાઓએ સૂરિ મહારાજનું જીવન, તેઓશ્રીનું ધ્યેય અને ગુણાનુવાદ કર્યા હતા. અંતમાં પૂ. આચાર્યશ્રી ચિરંજીવ દીર્ઘાયુ થઇ સર્વ પ્રાણીઓના ઉદ્ધારક બને તેવી હૃદયગત ભાવના વ્યકત કરી હતી.

નીચે પ્રમાણે અભિનંદનના તારો સમાચારો આવેલા હતા. આ પ્રસંગે શ્રીવિદ્યાવિજયસૂરિજી વગેરે ચાર મુનિરાજોના જામનગરથી, શ્રીપાર્શ્વનાથ વિદ્યાલયના હેડમાસ્તર તરફથી, મગનલાલ બારેજડી, લાલા હરિચંદ, રિષભદાસ સેક્રેટરી જૈન સંઘ, પ્રાન્સીપાલ જ્ઞાનચંદ જૈન જૈન કોલેજ, મફતલાલ પ્યારાલાલ વગેરેના અંબાલા શહેરથી, અનંતરાય જૈન એડવોકેટ જૈન ગુરૂકુલ પ્રમુખ ગુજરાનવાલા, શ્રી જીરા, લુધીયાના, હોશીયારપુર, અમૃતસર, માલેરકોટલા, આગ્રા, ઊંઝા શ્રીસંઘના તથા વસંતશ્રીજી અમદાવાદ તેમજ મુંબઇ, મુરાદાબાદ, વરકાણા જૈન વિદ્યાલય વગેરેના તારો પણ મળ્યા હતા.

**નોટ:**—આ સભા તરફથી અગાઉ અને ઓપરેશન થયા પછી પૂજ્ય કૃપાળુ આચાર્ય મહારાજને ઓપરેશન સફળ થવા સંપૂર્ણ જ્યોતિ પ્રાપ્ત થવા તેમજ દીર્ઘાયુ થવા પત્રો લખવા સાથે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી હતી.

( શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર. )

## પાલનપુરના વિશેષ સમાચાર.

( તા. ૨૬-૧૧-૫૦ ના પત્ર ઉપરથી )

આચાર્ય ભગવાનના નેત્રમાં હજુ લાલાશ અને સોજો છે. અશક્તિ પણ વધારે છે. ડો. પટેલ મુંબઇથી આવી ગયા અને આંખ તપાસી. ચિંતા જેવું કંઇ નથી. આ સમાચાર સભાને મળ્યા છે. આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે કે—આચાર્ય મહારાજ જલ્દી નિરોગી થાય, નેત્રજ્યોતિ અપૂર્વ પ્રગટ થાય. પ્રાણી માત્ર ઉપર દીર્ઘાયુ થઇ અનેક ઉપકાર કરે એ જ હૃદયગત સર્વની ભાવના !

## આચાર્યશ્રીમાન્ વિજયપ્રેમસૂરિજીમહારાજ તથા આચાર્યશ્રીમાન્ વિજયરામચંદ્ર-સૂરિજીમહારાજનું સપરિવારનું ભાવનગરમાં આવાગમન.

પાલીતાણા ચાતુર્માસ બિરાજમાન થઇ અત્રેના શ્રી સંઘની વિનંતિથી કારતક વદિ ૧૦ ના ભાવનગર પધારતાં અત્રેના શ્રી સંઘે ઘણા હર્ષપૂર્વક બહુ જ દબદબાભરી રીતે સામૈયું કર્યું હતું. અને સમવસરણના નામથી ઓળખાતા વંડામાં બિરાજમાન થયા હતા. ત્રીશ વર્ષ પહેલા દાદાગુરુ પ્રભાવક ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજીમહારાજ સપરિવારે અત્રે ચાતુર્માસમાં બિરાજમાન હતા. બીજા દિવસથી શ્રીમાન્ વિજય રામચંદ્રસૂરિજીમહારાજની વ્યાખ્યાનધારા શરૂ થઇ હતી. ક્રમે ક્રમે આચાર્યમહારાજની અસરકારક સમયોચિત સૌ સમજી શકે તેવી વ્યાખ્યાનશૈલીથી જૈનો અને જૈનેતર વિદ્વાનો મહારાજશ્રીની વાણીનો લાભ લઇ મુગ્ધ બનતાં હતાં. આચાર્યશ્રી પ્રેમસૂરિજીમહારાજ મુંબઇ અને આચાર્યશ્રી રામચંદ્રસૂરિજી મહારાજને કલકત્તા ત્યાંના આવેલા શ્રી સંઘના ડેપ્યુટેશનોની વિનંતિથી ઘણો જ લાંબો વિહાર હોવાથી થોડા દિવસની સ્થિરતા કરી હતી. માગશર શુદિ ૧ ના રોજ દાનવીર ઉદારનરરત્ન શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળા અને આ સભાના ટ્રેઝરર શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૃતલાલ છગનલાલ અને શ્રીકૃષ્ણુનગર જૈન સમાજ એઓની આગ્રહપૂર્વક વિનંતિ સ્વીકારી પ્રથમ ઉપરોક્ત દિવસે સવારના ધામધૂમપૂર્વક સામૈયું કરી શેઠ ભોગીલાલભાઇને બંગલે બિરાજમાન થયા હતા જ્યાં તરત જૈન સંઘ સમુદાય અને આમંત્રિત જૈનેતર વિદ્વાન ગૃહસ્થો અને અધિકારી આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજીનું વ્યાખ્યાન શરૂ થતાં સર્વ શ્રોતાજનો આનંદ પામ્યા હતા. બપોરના અઢી વાગે શેઠ અમૃતલાલ છગનલાલને બંગલે બિરાજમાન થતાં ત્યાં પણ ઉપરોક્ત ઘણા શ્રોતાજનો વ્યાખ્યાન સાંભળી આનંદિત થયા હતા. ત્યાંથી સાંજના પાંચ વાગે શ્રીકૃષ્ણુનગર શ્રીસંઘની વિનંતિથી કૃષ્ણુનગર ઉપાશ્રયમાં પધાર્યા હતા. ત્યાં મંગલિક સંભળાવી રાત્રિ બિરાજમાન થઇ માગશર સુદ ૨ ના રોજ શહેરના ઉપાશ્રયે વ્યાખ્યાન સંભળાવી બપોરના ગોધા તરફ ત્યાંના જૈન સમાજની વિનંતિ સ્વીકારી વિહાર કર્યો હતો. ત્યાંથી આચાર્ય વિજયપ્રેમસૂરિજી મુંબઇ તરફ વિહાર કરી ગયા છે. અને આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી માગશર વદિ ૮ ને શનિવારના રોજ અત્રે પુનઃ પધાર્યા છે.

## આ સભામાં આચાર્ય મહારાજોનું આવાગમન

શ્રી જૈન આત્માનંદ સભામાં શ્રીમદ્ શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ તથા શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી મહારાજ સપરિવાર વિનંતિથી પધાર્યા હતા. ઘણો ટાઇમ રોકાઇ સભાના સાહિત્ય, લાઇબ્રેરી, જ્ઞાનભંડાર, વ્યવસ્થા જોઇ ઘણા પ્રસન્ન થયા હતા. સભા પ્રત્યેનો ગુરુભકિતપ્રેમ જોઇ સભાસદો પ્રત્યે ઘણું માન ઉત્પન્ન થયું હતું અને સભાએ તેઓને ઉપયોગી સાહિત્ય વહોરાવ્યું હતું.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી બંધાતા શ્રી જ્ઞાનમંદિરના પ્રવેશદ્વારનું થયેલું મંગલ મુહૂર્ત.

માગશર સુદ ૨ ના રોજ સવારના સાડા નવ વાગે શ્રી જ્ઞાનમંદિર માટે બંધાતા મકાનના પ્રવેશ દ્વારનું મંગલ મુહૂર્ત સભાની વિનંતિનો હર્ષપૂર્વક સ્વીકાર કરી દાનવીર જૈન નરરત્ન ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાના મુબારક હસ્તે કરવામાં આવ્યું હતું. મેનેજીંગ કમીટીના સભ્યો અને પેટ્રન શ્રીયુત વોરા ખાન્તિલાલ અમરચંદભાઇની હાજરીમાં કરવામાં આવ્યું હતું. ક્રિયાવિધિ પૂર્ણ થયા બાદ શેઠ સાહેબ ભોગીલાલભાઇનો આભાર માની ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજેશ્રી ખાન્તિલાલ અમરચંદભાઇ આ સભાના પેટ્રન છે અને સભાના કાર્યોમાં દરેક વખતે સહકાર આપે છે તે માટે પણ સભા ઉપકાર ભૂલી શકતી નથી. છેવટે પધારેલા બંધુઓનું સ્વાગત થતાં સૌ સ્વસ્થાને પધાર્યા હતા.

# મલ્લિનાથ સ્તવન.

મૂર્તિ મનોહર લાગે, ઓ મલ્લિ તારી મૂર્તિ મનોહર લાગે.
ભોયણી ગામમાં પ્રવેશતાં જિણંદજી, ભક્તિમાં જીવ મારો રાચે........ઓ મલ્લિ.
ગામમાં પ્રવેશ કરી દહેરાસર દેખીને, દર્શન કરવાનો ભાવ થાયે........ઓ મલ્લિ.
મૂર્તિ સોહામણી મલ્લિ તારી જોઇને, મન પૂજા કરવાને લલચાયે........ઓ મલ્લિ.
ફૂલ અને કેસરથી પૂજા કરીને, ચૈત્યવંદન કરૂં આજે........ઓ મલ્લિ.
તારા સહવાસમાં મલ્લિ મને રહીને, 'આત્મ કલ્યાણુ' ભાવ જાગે........ઓ મલ્લિ.

કાન્તિ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સંપૂર્ણ બ્રહ્મચર્ય વિના પ્રભુપ્રાપ્તિ અશકય છે."

કોઇ પણ ઇંદ્રિયનો ઇંદ્રિયના સુખના માટે ઉપયોગ થાય તો સમજવું કે તે તેટલો બ્રહ્મચર્યથી દૂર છે.

જેનું સુખ માત્ર બ્રહ્માનંદ છે તે જ સાચો બ્રહ્મચારી છે, તે બીજી કોઈ વસ્તુની સ્પૃહા રાખતો નથી. કારણ કે બધું જ તેની પાસે છે.

જે નથી તે ઘણું જ ઊતરતું છે.

સત્ય અંતરમાં છે. બહારનાં કર્મો માત્ર ઝગારો છે.

જે તેને માટે જીવે છે તેનાથી તે દૂર નથી. જે પોતાને માટે જીવે છે. તેની અંદર તે હોવા છતાં તેને તેની ઝાંખી થતી નથી.

તમારી સર્વ શકિત તેને ચરણે ધરો, તમે આંધળા હશો તો તમારાં ચક્ષુ બની તમોને દોરશે, તમે અપંગ હશો તો તમારા પાય બની ઉઠાવશે, તમે બધિર હશો તો તમારા કાન બની તે સાંભળશે.

જ્યાં સુધી કંઇ કરવાની ઇચ્છા છે ત્યાં સુધી સુખ અને દુઃખ છે. કર્મનું શુભ પરિણામ આવતાં સુખનો અનુભવ થશે. અશુભ આવતાં દુઃખ.

જ્યાંસુધી અહમ્ છે ત્યાં સુધી કાંઇ ને કાંઇ કરવાની વૃતિ રહેવાની જ.

જ્ઞાન પ્રકાશ છે—અજ્ઞાન અંધકાર છે.

જ્ઞાન મુક્તિ છે—અજ્ઞાન બંધન છે.

જ્ઞાન વગર કર્મ નિસ્તેજ છે. કર્મ ગમે તેટલા શુભ કાં ન હોય પણ જો તે જ્ઞાનપૂર્વકનાં નહીં હોય તો તે બંધન રૂપજ છે.

જે જગતને જોતો નથી, પણ પ્રભુને જુએ છે તે જ સાચો ભક્ત છે. જે જગત માટે જીવતો નથી પણ પ્રભુ માટે જીવે છે. તેજ સાચો ભક્ત છે.

જ્ઞાન અંધકાર પંથે પ્રકાશ કર્મ તમારામાં રહેલી શક્તિ છે. ભક્તિ આનંદનું અમી ઝરણુ છે.

ગુરૂ તમારો ઉદ્ધાર કરવાને અશક્ત છે. શકય હોત તો કયારનો ય કરી દીધો હોત. તમારે તમારો ઉદ્ધાર તમારી જાતે જ કરવાનો છે.

ગુરૂ તમારા અંધકાર પંથે દીપક છે. એ તમોને માર્ગ બતાવશે. આંગળી ચીંધશે. પણ ડગલા તો તમારે જ દેવાનાં છે.

તેલ હોય, વાટ હોય, પણ દીવો ચેત્યો સાંભ-ળ્યો નથી, અને સળગાવવાને ચિનગારી જોઇએ, ચિનગારી ભલે પછી સળગી દૂર હડી જાય, પણ એક વાર પ્રજ્વલિત બનેલી જયોત બુઝાતી નથી. આવી ચેતનની ચિનગારી એ જ સાચા ગુરુ.

જ્ઞાન તમારી અંદર છે. સદ્ગુરુ અને સાચા પુસ્તકો અંગારા ઉપરની રાખ ઉડાડી આગને પ્રજ્વલિત કરે છે.

દીપક જલતો હોય પણ આપણો અનુભવ છે કે જો—સંકોરનાર ન હોય તો દીપ બુઝાઇ જવાનો, ગુરુ સંકોરણું બની પ્રત્યેક ક્ષણે વાટને સંકોરે છે.

સદ્ગુરુ પ્રાપ્તિ એ અડધો આત્મસાક્ષાત્કાર છે. તમારો પુરુષાર્થ તે પૂર્ણ કરશે.

જે કોઇથી બીતો નથી, જેનાથી કોઇ બીતું નથી તે જ સાચો અભયી છે.

તમે મધ્ય રાત્રિએ શમશાનમાં ફરી શકતા હો, ગમે તેવું સાહસનું કાર્ય કરી શકતા હો. એથી એમ ન માનતા કે તમે અભયી છો. ઘણીવાર ટેવ અને આવેગથી તમે ભય પર જય મેળવી શકો છો. સાચો અભયી તે છે કે જેને આવતી ક્ષણની ચિંતા નથી.

જે પરિગ્રહી છે તે અભયી હોઇ શકે જ નહી. કાલનો જેને ડર છે તેજ પરિગ્રહ કરવાને પ્રેરાય છે. જેણે આત્મ સ્વરૂપનો અનુભવ કર્યો છે, તે એક માત્ર સાચો અભયી છે.

વિશ્વ પ્રેમ અનુભવ કરવો હોય તો જગતને આત્મ દ્દષ્ટિથી ચાહો, તે અમુક છે, માટે નહી તે આવો છે માટે ચાહો. મિત્ર છે માટે નહિ પણ તે આત્મા છે માટે ચાહો.

તમારી આંખની કીકી કાળી છે તે સંકુચિત છે તેની દૃષ્ટિ પણ પર્યાપ્ત છે, તો તમે સ્થુલ ચક્ષુ બંધ કરી જ્ઞાન ચક્ષુથી જગતને જોવાનો પ્રયત્ન કરો. ત્યાં તમોને મનુષ્ય પ્રાણી પાષાણ કે પહાડો નહિ દેખાય. સર્વત્ર ઉદધિ તરંગે નર્તતું ચેતન સ્વરૂપ જ નજરે પડશે.

**(શ્રીમતી કમળાબ્હેન સુતરીયા સંગ્રહીત.)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન.

અગાઉ જણાવ્યા પ્રમાણે ૧. "અનેકાન્તવાદ ધર્મ." ૨. "શ્રી નમસ્કાર મહામંત્ર" વિષયોના નિબંધોની પરીક્ષા થઇ ગયેલ છે. ઈંગ્લીશમાં લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. ગુજરાતી અનુવાદ કરનાર પ્રો. જયંતિલાલ બી. દવે સાહેબ ફીલોસોફીના પ્રોફેસર શામળદાસ કોલેજ ભાવનગર બંને વિદ્વાનોની આ ખાતાની કમીટી અને રાવબહાદુર શેઠશ્રી જીવતલાલભાઇએ પાલીતાણે બોલાવી સત્કાર કરવા સાથે પૂજ્યશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાથે નિર્ણય કરી સુધારા વધારા કરી આ કમીટીના સેક્રેટરી શેઠ હરિલાલ દેવચંદ જે કે ત્યાં હાજર હતા તેમની સમક્ષ તે બંને નિબંધો સેક્રેટરીને સુપ્રત કર્યા છે. ઇંગ્રેજી અને ગુજરાતી નિબંધો નું છાપકામ હવે જલદીથી શરૂ થશે તે ખાતાના સેક્રેટરી શેઠ હરિલાલ દેવચંદ અને સભાની દેખરેખ નીચે લેવાયેલ ઉંચા પેપર ઉપર બંનેનું છાપકામ જલદી શરૂ થશે.

જે માટે વિદ્વાન પૂજ્યશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો પ્રથમ ઉપકાર આ સભા માને છે, અને બંને વિદ્વાનોએ લીધેલ તસ્દી માટે સભા આભાર ભૂલી શકતી નથી.

---

## "શ્રી દ્વાદશાર નય ચક્રસાર ગ્રંથ"

આ ન્યાયનો અપૂર્વ ગ્રંથનો પ્રથમ ભાગ ઉંચા ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસ મુંબઇમાં ઉંચા પેપરો શાસ્ત્રી સુંદર ટાઇપોમાં છાપવાનું કામ શરૂ થઇ ગયેલ છે. ન્યાયના અભ્યાસીઓ અને જૈન જ્ઞાનભંડારો માટે અવશ્ય લેવા જેવો છે.

---

# શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સચિત્ર શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાળિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. તેનો ગુજરાતીમાં થયેલ અનુવાદ સાથે શુમારે ક્રાઉન બાર ફોર્મ માત્રમાં સમાવેશ થઇ શકે તેવા છે સાથે ( જિનેન્દ્ર ભગવંતોના ચાર રંગમાં શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ પરમાત્માની નિર્વાણ ભૂમિના ( તીર્થ, પર્વતો કે અન્ય સ્થળોના ફોટાઓ સાથે ) વિવિધ રંગના ફોટાઓ સાથે આ સભા બહુ જ સુંદર અને આકર્ષક સચિત્ર અનુવાદ-ગુજરાતી ભાષાંતર છપાવવા વિચાર ધરાવે છે. આ એક કલાકૃતિના અદ્દભુત નમુનો બનશે. પરમાત્માના માત્ર દર્શનથી આત્માને આલ્હાદ ઉત્પન્ન થાય તેવી અનુપમ કૃતિ બનશે. એક હજાર કોપીના શુમારે ત્રણ હજાર રૂપીયા ખર્ચ ( સખ્ત મોંઘવારી હોવાથી થાય તેમ છે. ) આર્થિક સહાય આપનાર જૈન બંધુનો ફોટો, જીવનવૃત્તાંત સાથે આપવામાં આવશે. અમારા લાઇફ મેમ્બરોને ભેટ આપવા ઉપરાંત આર્થિક સહાય-આપનારની ઇચ્છા પ્રમાણે બાકીની તે ચરિત્ર બુકોનો વ્યય કરવામાં આવશે. એક કરતાં વધારે શ્રીમંત જૈનબંધુઓને તે લાભ લેવો હોય તો તેમ પણ સભા ધારા ધોરણ પ્રમાણે સંગવડ કરી આપશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## જલદી નામ નોંધાવો-મંગાવો. ઘણી થોડી નકલો સીલિક રહે તેમ છે.

### શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
### શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર મૂળ.

(બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪.) (શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી)
મૌન અગીયારસ (માગશર શુદ ૧૧ ના રોજ પ્રગટ થશે)

પ્રથમ ભાગ અમારા તરફથી ચૌદ વર્ષ ઉપર પ્રસિદ્ધ થયેલો હતો, અને તેનો આ બીજો વિભાગ ત્રણ પર્વોમાં સુમારે પચાસ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. ઘણી જ થોડી નકલ છપાવી છે. જેથી અગાઉ નામ નોંધાવવા માટે નમ્ર સુચના છે. **પ્રથમ ભાગ તેવી જ સુંદર રીતે** છપાયેલ છે જેની થોડી બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે કિંમત ૭ રૂપીયા પોસ્ટેજ અલગ.

---

## નમ્ર સુચના.

ગયા પાંચ વર્ષમાં રૂા. ૭૩)ની કિંમતના ગ્રંથો ભેટ આપેલા છે. સં. ૨૦૦૭ ની સાલમાં આપવાના બે ગ્રંથો શ્રી શ્રેયાંસનાથ પ્રભુ સચિત્ર ચરિત્ર અને જૈન કથારત્નકોષ પ્રથમ ભાગ છપાય છે, જેની કિંમત શુમારે રૂા. ૧૩) થશે તે બન્ને ગ્રંથો ફાગણ વદી ૩૦ સુધીમાં નવા થનારા ૧ લા વર્ગના લાઈફ મેમ્બરોને ભેટ અને બીજા વર્ગમાં થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

(ઘણી થોડી નકલો સિલિકે રહી છે.)

### શ્રી માણિકયચંદ્દેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું. એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો જુગારથી થતી ખાનાખરાબી, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇન્ડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર. ૭

(ઘણી થોડી નકલો સિલીકમાં છે.)

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર (કિંમત રૂા. ૧૩)

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મગાવે છે, જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુઓને તે સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના બે ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે. બીજા વર્ગના નવા થનારા લાઈફ મેમ્બરોને ધારા પ્રમાણે મળી શકશે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only